श्रीहरिः शरणम् ।

श्री विट्ठलेशप्रभुविरचितम् ।

श्री गीता तात्पर्यम्

श्रीमत्प्रभुचरण, शिष्टाचारपरिपालनके लिये ग्रंथके पूर्वमें गुरु-प्रणामरुप मङ्गल करते हैं.

पितृपादाब्जयुगलं प्रणमामि कृपानधु ।
यत्कुलं गोलेलेशेन स्वीकृतं कृपया स्वतः ॥१॥

अर्थ—श्रीगोकुलपतिभगवान्ने जिनके कुलको अपनी इच्छासे अनुग्रहकर स्वीकार किया है, उन श्रीमद्वल्लभाचार्यके चरणनलिनमें मैं प्रणाम करता हुं ॥ १ ॥

प्रतिज्ञा

अतस्तद्वदनांभोजच्युतगीतामृताम्बुधिम् !
आविर्भावे हेतुमीशानुग्रहाद्विमृशाम्यहम् ॥२॥

अर्थ—इसलिये भगवदाविर्भाव होनेमें कारण जो भगवानके मुखारविन्दसे प्रकट हुआ गीतारुप अमृतसमुद्र, मैं उन्हीकी कृपासे उसमें अवगाहन करता हूं अर्थात् भगवद्गीताके तात्पर्यका संक्षेपसे निरुपण करता हूं, ॥ २ ॥

पूर्वपक्षः

स्वयं स्वतत्त्वं हि हरिः पार्थायोपदिशत्यदः ।
तदादौ धृतराष्ट्रस्याऽभक्तस्य वचसा न हि ॥३॥
उपक्रमो युक्ततरस्तत्पुत्रस्याऽपि वा कथा ।
पार्थस्यापि विषादोऽयमतद्रूपत्वतस्तथा ॥४॥
उपदेशे हेतुतया स उक्त इति चेन्न हि ।
विक्षेपात्मस्वतः शान्त्याद्यरुपत्वादपि स्फुटम् ॥५॥

अत्राधिकाराभावस्य ज्ञापकत्वाच्च लौकिकी ।
कथा युक्ता तथाभूता, न तु विद्योपदेशनम् ॥६॥
अपरं च.
ब्रह्मविद्या श्रवणतः सर्वत्यागो विरागतः ।
युक्तः स्यान्न तु गृर्वादिहननं राज्यभोगिता ॥७॥
एवं पूर्वोत्तरकथाविरुद्धमिव भाति हि ।
उपदेशनमीशे तु न तथा संभवत्यपि ॥८॥
अतः संशपतितिा विचारकमतिर्ब ।

पूर्वपक्षः

અર્થ—શ્રીમત્પ્રભુચરણ (શ્રી ગુસાંઈજી) શ્રીવિઠ્ઠલનાથદીક્ષિત, ભગવદ્ગીતાકે તાત્પર્યકા નિરૂપણ કરનેકે લિયે પહલે પૂર્વપક્ષમેં કહતે હૈં કિ જબ ભગવાન્ સ્વયં અપને તત્ત્વકા ગીતારૂપસે અર્જુનકો ઉપદેશ કરતે હૈં તો ઐસે ઉપદેશકી આદિમેં અભક્ત ઔર ભક્તદ્વેષી ધૃતરાષ્ટ્રકી વાણીસે ઉપક્રમ કરના યુક્ત નહીં માલુમ પડતા. ઔર ઈસી તરહ વૈસેહી દુષ્ટ ઉસકે પુત્ર દુર્યોધનાદિકી કથા ભી પ્રારમ્ભમેં ઠીક નહીં લગતી. ઔર અર્જુન ક્ષત્રિય હૈ તો ઉસકા ઇસતરહ સમયપર ઘબરાના ઔર ભયભીત હોના પ્રારમ્ભમેં ન કહના ચાહિયે. કદાચિત્, ઉપદેશમેં અર્જુનકા વિષાદહી હેતુ હૈ યહ સમજકર સમાધાન કરો તૌભી ઠીક નહીં, ક્યોંકિ ઉપદેશકે પૂર્વહી વિષાદ હોનેસે ઉપદેશશ્રવણકરનેમેં અર્જુનકો વિક્ષેપ હોના સંભવ હૈ. ક્યોંકિ ઉપદેશશ્રવણકે સમય શાન્તિ કી અપેક્ષા હૈ, ઔર વિષાદ શાન્તિકા ભઙ્ગકરનેવાલા હૈ. ઔર ઈસસે યહભી વિદિત હૈ કિ જીસકો શ્રવણકે સમય વિષાદ ઔર અશાન્તિ હૈ ઉસ અર્જુનકો ઉપદેશ સુનનેકા અધિકારહી નહીં રહતા. ઇસલિયે ઉસ વિષાદકે દૂરકરનેકે લિયે ભગવાન્કો ભી કોઈ અનુરુપ લૌકિક આખ્યાયિકા કહની થી, ન કિ શાન્ત દાન્ત અધિકારીકે યોગ્ય આત્મતત્ત્વકા નિરૂપણ. જીસ તરહ ઉપક્રમ પર તરહ તરહકે તર્ક હોતે હૈં ઇસીતરહ ઉપસંહારમેં ભી શંકા ઉત્પન્ન હોતી હૈ. ઉપદેશદેનેકે બાદ અર્જુનકોભી વિદ્યાકા શ્રવણ કરનેસે વૈરાગ્ય ઉત્પન્ન હોના ચાહિયે થા. ઔર ઉસ

વૈરાગ્યસે રાજ્યાદિ સર્વ અનાત્મવસ્તુઓંકા પરિત્યાગ કરના ચાહિએ થા. કિન્તુ અપને ગુરુ તથા પૂજ્યવર્ગકા હનન તો સર્વથા અયુક્ત થા. ઇસતરહ ગીતાકા ઉપક્રમ તથા ઉપસંહાર દોનોં અનેક તર્કોંસે પરાહતસે માલુમ પડતે હૈં. ઔર અસલ તો યહી વિરુદ્ધસા જચતા હૈ કિ સર્વરક્ષક ધર્મસંસ્થાપક સ્વયં ભગવાન્‌ને અર્જુનકો પૂજ્યહનનકા ઉપદેશ (આજ્ઞા) કૈસે કિયા. ઇસતરહ પૂર્વાપરકા વિચાર કરનેસે વિચારકકી બુદ્ધિ તપ્તસંદંશ (સડાંસી) કે બીચમેં પડ જાતી હૈં.

उत्तरपक्षः

एवं सति वदामस्त्वां तात्पर्यं कृपया हरेः ॥९॥

भक्तिमार्गरीतिर्हि अलौकिकी, न साधारणरीत्या निर्णयः कर्तुं शक्यः । पार्था हि भक्तिमार्गेऽङ्गीकृताः स्वीयत्वेन । पार्थास्तु 'देवो भगवान्मुकुंदो गृहीतवा'नित्यतएव विदुरवाक्यम् । एवं सति भ्राताऽपि भ्रातरं हन्या'दिति न्यायेन लोकवद्रिपून्मारयित्वा राज्यं कुर्युस्तदा राज्ये भगवत्संबंधाभावातद्भोगे भगवदीयत्वं न भवेत् । एवं सति पार्थस्य स्वतस्ततो निवृत्त्युक्त्या लौकिकरीत्यभाव उक्तो भवति । ' क्षत्रियाणामयं धर्म्यो ' इति वचनात् शूराणां तेषां युद्धोपस्थितौ वीरस्स एवोत्पद्यते वस्तुस्वभावात्, न तु वैराग्यं पार्थे च तदुत्पतौ भगवदीयत्वमेव हेतुः । अन्यथा तु तुल्ययोगक्षेमत्वाद्धार्तराष्ट्रेष्वपि तदुत्पत्तिः स्यात् । एतज्ज्ञापनायैवाऽऽदौ धृतराष्ट्रतत्पुत्रकथोक्ता, तया तदुत्साह उक्तो भवति । भगवदीयस्य तु भगवत्कार्योन्मुख्येव मतिरुचिता तद्विरूद्धा कुमतिरेव । अन्यथा धर्मशास्त्रादिषु गुर्वादिहननस्य निषिद्धत्वात्ततो निवर्तिका मतिर्मतित्वेन नोच्येत । तदुक्तं भीष्मेण 'व्यवहितपृतनामुखं निरीक्ष्य स्वजनवधाद्विमुखस्य दोष बुद्धया । कुमतिमहरदात्मविद्यया य' इति । एतेन भक्तिमार्गीय मर्यादा लोकवेदातीता । अतस्तावादाय भक्तिमार्गो न विचारयितुं युक्तस्तदतीतत्वादिति ज्ञापितं भवति । अतएव ब्रह्मविद्योपदेशानुपदमेवाऽऽसुरहननने प्रवृत्तिरभूत् । एतेन ' एतच्छ्रवणानन्तरं सर्वत्याग उचितो न तु गुर्वादिहन'मिति निरस्तं वेदितव्यम् ।

અર્થ—ઇસતરહ જબ વિચારકવર્ગકો અનેક સન્દેહ હોતે હૈં તો ભગવદનુગ્રહસે જો કુછ તત્ત્વ મિલા હૈ વહ ઇસકે ઉત્તરમેં હમેં કહના પડતા હૈ કિ ભગવાન્ શ્રીકૃષ્ણને અર્જુનાદિ પાંચોં પાણ્ડવોંકો 'અપને હૈં' યહ સમઝકર ભક્તિમાર્ગમેં અંગીકાર કિયા હૈ. ઇસીસે શ્રીમદ્ભાગવતમેં વિદુરજીકા કથન હૈ કિ 'ક્રીડારસિક શ્રીમુકુન્દભગવાનને પાણ્ડવોંકા સ્વીયભાવસે ગ્રહણ કિયા હૈ'. ભક્તિમાર્ગમેં ગ્રહણ કિયા હૈ. ઇસીલિયે 'ક્ષત્રિયોંમેં યુદ્ધકે સમય ભાઇકો ભી ભાઈ મારૈ' ઇસ ન્યાયસે જો અર્જુનાદિક ભગવદ્ભક્તભી ઇતરજનકી તરહ અપને દુશ્મનોંકો મારકર રાજ્યકા ઉપભોગ કરેં તો એસે રાજ્યાદિમેં ભગવત્સંબંધ ન હોનેસે ઉનકે ઉસ ભગવદીયત્વકા નિર્વાહ નહીં હોતા. યહ રહનેપરભી જબ અર્જુનકા ઇસતરહ વૈરાગ્યકા વર્ણન કિયા હૈ તો યહ સૂચિત હોતા હૈ કિ અર્જુનકે વૈરાગ્ય હોનેમેં કોઈ લૌકિકભાવ કારણ નહી કિન્તુ અલૌકિકહી હૈ. અર્થાત્—અર્જુનકો જો બન્ધુહનનમેં દયા ઉપજી વહ કેવલ ભગવદીયત્વ હોનેસે ભગવદિચ્છાસેહી હુઈ કિન્તુ ઉસકે હોનેમેં ઔર કોઈ લૌકિકભાવ હેતુ નહીં. 'ક્ષત્રિયોંકા યહ ધર્મ હૈ કિ યુદ્ધમેં ભાઇકો ભાઇભી મારૈ' ઇત્યાદિ વચનોંસે યહ સ્પષ્ટ હૈ કિ અર્જુન જૈસે વીરાગ્રણીકો યુદ્ધ નયમેં વીરરસકાહી પ્રાદુર્ભાવ હોના યુક્ત થ. ઐસે સમય યુદ્ધસે વિરાગ હોના અનનુરૂપ થા. કારણ કે જીસકા જો સ્વભાવ હૈ વહ ઉસસે કિસી અવસ્થામેં ભી જુદા નહીં હો સકતા. વીરસ્વભાવ ક્ષત્રિય અર્જુનકો યુદ્ધમેં વૈરાગ્ય હોનાહી સ્પષ્ટ કહે દેતાહૈ કિ ઉસે જો વૈરાગ્ય હુઆ હૈ વહ માત્ર ભગવદીય હોનેસેહી, ઔર ભગવદિચ્છાસેહી. જો કિસી લૌકિકભાવસે વૈરાગ્ય હોતા તો જીસ તરહ અર્જુનકે દુર્યોધનાદિક બાન્ધવ હૈં ઇસીતરહ ઉનકે અર્જુનાદિકભી બન્ધુ હૈ ફિર સમાન હોનેસે ઉનકે હૃદયમેં ભી વૈરાગ્ય હોના ચાહિયે થા. પરન્તુ વૈસા ન હોનેસે યહ સિદ્ધ હોતા હૈ કિ અર્જુનકે ભગવદીય હોનેસેહી ઉસે વૈરાગ્ય હુઆ, કિન્તુ ઉસકે વિરુદ્ધ હોનેસે દુર્યોધનાદિકો વહ ન હુઆ. અર્જુનકા વહ ઉત્તમ અધિકાર સ્પષ્ટ કરનેકે લિયે હી

પ્રારંભમેં ધૃતરાષ્ટ્ર ઔર ઉસકે પુત્રોંકી કથા ઉધ્ધૃત હૈ. ભક્તિમાર્ગકી રીતિ લોકસે જુદી હૈ યહ બાત યહાંતકકે ગ્રન્થસે સ્પષ્ટ હુઈ અબ વહ વેદસે ભી અતીત હૈ યહ બાત બતાનેકે લિયે 'અર્જુનકી પ્રવૃત્તિ ગુર્વાદિહનનમેં કૈસે હુઈ' ઇસિકા ઉત્તર દેતે હૈં 'પરિત્રાણાય' ઇત્યાદિ-વચનોંસે યહ વિદિત હોતા હૈ કિ ભગવાન્‌કા પ્રાદુર્ભાવ અસુરસંહારકે લિયે હૈ. અસુરસંહાર કરના યહ ભગવાન્‌કા કાર્ય હૈ. ઉસ ભગવત્કાર્યકે અનુસાર કાર્ય કરના, કિંવા તદનુકુલમતિ હોના યહ ભગવદીયકા ધર્મ હૈ ભગવત્કાર્યસે વિરુદ્ધબુદ્ધિકા હોના ભગવદીયતાકે લાયક નહીં. યદિ ભગવદીયકી ઐસે વિરુદ્ધબુદ્ધિહો તો વહ બુદ્ધિ કુમતિ કહી જાયગી. દુર્યોધનાદિક અસુરાવેશી હોનેસે અસુર હૈં અતઃ ઉન્હે મારના યહ પ્રભુકો અભીષ્ટ હૈ પ્રભુકે અભીષ્ટસે વિરુદ્ધ વૈરાગ્યબુદ્ધિ હુઈ યહ અર્જુનકી કુમતિ થી. અર્જુનમેં જો ઉસસમય અપનેસે વિરુદ્ધતા ઉત્પન્ન હુઇ ઉસીકો દૂરકરનેકે લિયે શ્રીહરિને અઠારહ અધ્યાયદ્વારા અપને તત્ત્વકા ઉપદેશ કિયા. ઔર ઉસકી ઉસ કુમતિકા નાશ કિયા તથા સુમતિકા દાન કિયા. ભગવદિચ્છાકે જો અનુકૂલ વહ બુદ્ધિ સુમતિ, ઔર જો ઉસકે પ્રતિકૂલ વહ બુદ્ધિ કુમતિ હૈ. યદિ યહ નહો તો શ્રીમદ્‌ભાગવતાદિમેં ગુર્વાદિહનન ન કરનેકી ઇચ્છાકો કુમતિ ન કહતે, મર્યાદામાર્ગમેં વેદશાસ્ત્રોકતવિધિકે અનુસાર ચલના યહ ધર્મ હૈ. ઔર ભક્તિમાર્ગમેં પ્રભુકી ઇચ્છાકે અનુકૂલ ચલના ધર્મ હૈ. યદ્યપિ ગુરુ આદિકા હનન ધર્મશાસ્ત્રાદિમેં નિષિદ્ધ હૈ, ઔર અધર્મભી હૈ. તથાપિ ઉસસમય ભગવાન્‌કી ઇચ્છા ઉન્હે મારનેકી હી થી ઇસલિયે અર્જુનકો જો અસુરહનનમેં વૈરાગ્ય હુઆ વહ ભગવદિચ્છાસે વિરુદ્ધ થા તો વહ કુમતિહી હૈ । ઉસ કુમતિકા ગીતાદ્વારા ભગવાન્‌ને નાશ કિયા વહ બાત શ્રીમદ્‌ભાગવતમેં હરિભક્ત ભીષ્મપિતામહને કહી હૈ કિ 'વિરુદ્ધ-પક્ષકી સેનાકો લડાઈકરનેકેલિયે તૈયાર દેખકર ઔર ઉસ યુદ્ધ કો દુષ્ટકર્મ જનકર નિજબાંધવોંકે મારનેસે વિમુખહુએ અર્જુનકી ઉસ કુમતિકો જિસને હરણ કી વહ ભગવાન્ હી મેરી ગતિ હો. ઇસિસે યહ ભી સ્પષ્ટ હોતા હૈ કી ભક્તિમાર્ગકી મર્યાદા વેદસેભી અતીત હૈ. ઇસી

સે લોક ઔર વેદકે અનુસાર હી ભક્તિમાર્ગકા ભી વિચાર કરના યુક્ત નહીં. કારણ કિ ભગવદ્ભક્ત વેદલોકાતીત હૈં. ઔર ઇસીલિયે બ્રહ્મ-વિદ્યોપદેશકે અનન્તર હી અર્જુનકી અસુરહનનમેં પ્રવૃત્તિ હુઇ. ઇસસે જો લોગ યહ તર્ક કરતે હૈં કિ બ્રહ્મવિદ્યાશ્રવણાનંતર અર્જુનકો સર્વ-ત્યાગ કરના યુક્ત થા કિન્તુ ગુરૂ આદિકા હનન અયુક્ત થા' યહ ભી અનભિજ્ઞતા માત્ર હૈ.

વસ્તુતસ્તુ સર્વત્યાગોઽપ્યયમેવ, લોકવેદત્યાગપૂર્વકં ભગવત એવ ગ્રહણં યતઃ । અતએવ 'કચ્ચિદેતચ્છ્રુતં પાર્થ ત્વયૈકાગ્રેણ ચેતસા' ઇત્યાદિના ભગવતા પૃષ્ટઃ પાર્થો 'નષ્ટો મોહ' ઇત્યુપક્રમ્ય 'કરિષ્યે વચનં તવે'ત્યુત્તારિતવાન્ । તેન કેવલભગવદીયત્વં ફલિતં ભવતિ । રાજ્યાદેરત્યાગસ્તુ સ્વમુક્તિપ્રતિબંધકત્વજ્ઞાનેનેતિ તત્ર પ્રભુસંબંધોઽસ્તીતિ ન તુચ્છતરઃ । નનુ ભગવદિચ્છાઽનનુરૂપા મતિર્ભક્તે કથમભૂદિતિચેદિત્થમ્ । વસ્તુતો ભગવદીયત્વેઽપિ તદધીનોઽહં યુદ્ધાદિકં કરિષ્યે ઇતિ ન જ્ઞાનમાસોત્ । ભગવતા તદજ્ઞાપનાત્ । કિન્તુ ક્ષાત્રધર્મત્વેન । તથા તત્કૃતિર્ભક્તસ્ય નોચિતા । તદીયત્વવિરુદ્ધત્વાત્ । અતસ્તસ્યૈવાંતઃ સ્થિતસ્યાઽનુ-ભાવેન તત્પ્રાકટયે હેતુરભૂત । અન્નદાનાય ક્ષુદુત્પાદનવત્ ભગવદિચ્છયા તથામતિઃ । એતેન પ્રભુતત્વં તજ્જ્ઞાપિતમેવ ભક્ત-સ્યાપિ જ્ઞાપિતં ભવતિ ન તુ સ્વતો જ્ઞાપિતં ભવતીતિ દિક્ । અપરંચ પુષ્ટિમાર્ગઙ્ગીકારે સ્વતએવ તત્સ્ફૂર્તિઃ સ્યાદેવ । પાર્થાસ્તુ પુષ્ટિમર્યાદાયામઙ્ગીકૃતા ઇતિ પૂર્વં તદુત્પત્તિરુપદેશેન ચ તન્નિવૃત્તિઃ ।

ઇતિ શ્રીપિતૃપાદાબ્જદાસેન નિજહૃદ્ગતા ।
ભક્તિમાર્ગસ્ય મર્યાદા નિરુક્તા વિઠ્ઠલેન વૈ ॥
ઇતિ શ્રીવિઠ્ઠલદીક્ષિતકૃતં ગીતાતાત્પર્યં સમાપ્તમ્

અર્થ—વાસ્તવમેં તો લોકવેદત્યાગપૂર્વક શ્રીકૃષ્ણમાત્રકા ગ્રહણ કરનેકા નામ હી સર્વત્યાગ હૈ. ઇસીસે 'હે અર્જુન મેરે કથનકા તુમને એકાગ્રચિત્તસે શ્રવણ કિયા' ? ઇસ શ્રીકૃષ્ણપ્રશ્નકે ઉત્તરમેં અર્જુનને 'મેરા મોહ નષ્ટ હુઆ' યહાંસે પ્રારમ્ભ કર 'હે શ્રીકૃષ્ણ ! અબ મેં આપકી આજ્ઞાકે અનુસાર કરૂંગા' ઇસતરહ ઉત્તર દિયા. ઇસસે અર્જુન કેવલભગવદીય હૈ યહ સ્પષ્ટ હોતા હૈ. યહાં 'ભગવદીય અર્જુનકી આસક્તિ રાજ્યમેં કૈસે હુઈ, ઔર ઉસને રાજ્યકાભી પરિત્યાગ કયોં

ન કિયા ?' યહ ભી પ્રશ્ન ન કરના ચાહિયે. કારણ કિ જો કદાચિત્ રાજ્યમેં પ્રભુકા સંબંધ ન હોતા, તો વૈસા રાજ્ય મોક્ષમેં પ્રતિબંધક હોનેસે પરિત્યાગ કરનેલાયક થા. કિન્તુ અર્જુનકે રાજ્યમેં પ્રભુકા સંબંધ પૂર્ણરીત્યા હૈ, ઇસલિયે અર્જુનને ઉસકા ત્યાગ ન કિયા. યહાં એક યહભી પ્રશ્ન હોતા હૈ કિ ભગવદીય અર્જુનકી 'મૈં યુદ્ધ નહીં કરૂંગા' ઐસી ભગવદિચ્છાસે વિરુદ્ધબુદ્ધિ કયોં હુઇ ?. ઇસકા ઉત્તર યોં સમજનેકા હૈ કિ 'ભગવાનન્ સબકે પ્રેરક હૈં. ભગવાન્હી સબકો જ્ઞાન દેનેવાલે હૈં. ઇસલિયે જહાંતક પ્રભુ વૈસી ઇચ્છા ન કરૈં તહાંતક જીવકો કિસી વિષયકા જ્ઞાન નહીં હોસકતા. ઇસિસે યદ્યપિ અર્જુન ભગવદીય થા, તથાપિ ભગવદિચ્છા વૈસી ન હોનેસે ઉસે મૈં પ્રભુકે અધીન રહકર યુદ્ધાદિકાર્ય કરૂં' યહ જ્ઞાન ન થા, કિન્તુ 'મૈં ક્ષત્રિય હૂં ઇસલિયે યુદ્ધ કરૂંગા' ઇસતરહ જ્ઞાન થા. ધર્મીકે અધીન રહકર નહીં કિન્તુ ધર્મમાત્રકે અધીન રહકર કાર્યકરના ભગવદ્ભકતકો ઉચિત નહીં. કારણ ઐસા આચરણ ભકિતકે વિરુદ્ધ હૈ. ઇસિલિયે સર્વકે હૃદયમેં સર્વદા નિવાસ કરનેવાલે શ્રીહરિકે પ્રભાવસેહી, ભગવદિચ્છાસેહી વૈસી મતિ હુઇ. કારણકી વિરુદ્ધમતિ ઉત્પન્ન કરવાકર હી તદુપશમાર્થ બ્રહ્મવિદ્યાકા દાન કરના થા. જીસતરહ ભગવાન્ અન્નાદિ દેનેકે લિયે ક્ષુધાકી ઉત્પત્તિ કરતે હૈ, ઇસી તરહ નિજતત્ત્વકા ઉપદેશ કરને કે લિયે અર્જુનકો વૈસી બુદ્ધિ દી. ઇસિસે યહ ભી સ્પષ્ટ હોતા હૈ કિ ભગવદ્ભકતકો ભી ભગવાન્ ઇચ્છા કરૈં તોહી પ્રભુતત્ત્વકા જ્ઞાન હોતા હૈ, અપને આપ, કિ વા સાધનાન્તરસે નહીં હોતા. એક ઔર ભી કારણ હૈ કિ યદિ અર્જુનકા અઙ્ગીકાર શુદ્ધપુષ્ટિમાર્ગમેં હુઆ હોતા, તો ઉસકી સ્ફુર્તિ સ્વતઃ ભી હોસકિત થી, પરન્તુ કુન્તીપુત્રોંકા તો ભગવાન્ને પુષ્ટિમર્યાદામેં અંગીકાર કિયા હૈ. ઇસીલિયે પહલેં અર્જુનકે હૃદયમેં ઐસી બુદ્ધિકા પ્રાદુર્ભાવ હુઆ, ઔર ફિર ભગવદુપદેશસે ઉસકી ઉપશાન્તિ હુઈ.

ઇસતરહ શ્રીમદ્વલ્લભઆચાર્યચરણોંકે દાસ શ્રીવિઠ્ઠલનાથજીને નિજહૃદયસ્થિત ભકિતમાર્ગકી મર્યાદા પ્રકટ કી.

પ્રાચીનાચાર્યકૃપયા રમાનાથેન સૂરિણા ।

॥ श्रीहरिः ॥

अथ श्रीमद्वल्लभाचार्यचरणविरचितो

न्यासादेशः



न्यासादेशेषु धर्मत्यजनवचनतोऽकिंचनाधिक्रियोक्ता
कार्पण्यं वांऽगमुक्तं मदितरभजनापेक्षणं वा व्यपोढम् ।
दुःसाध्येच्छोद्यमौ वा क्वचिदुपशमितावन्यसंमेलने वा
ब्रह्मास्त्रन्याय उक्तस्तदिह न विहतो धर्म आज्ञादिसिद्धः १

अन्वयः—न्यासादेशेषु धर्मत्यजनवचनतः, क्वचित् अकिंचनाऽधिकिया उक्ता. वा कार्पण्यं अङ्गं उक्तम्. वा मदितरभजनापेक्षणं व्यपोढम् । वा दुःसाध्येच्छोद्यमौ उपशमितौ । वा अन्यसंमेलने ब्रह्मास्त्रान्यायः उक्तः । तत् इह आज्ञादिसिद्धिः धर्म न विदतः ।

। श्री विट्ठलेशप्रभुविरचितं विवरणम् ।

अवतरणम्

१] ननु सर्वधर्मत्यागो हि पुष्टिमार्गे । न तु मर्यादायाम् । पार्थे च तदुपदेशात्तन्मार्गीयत्वमिति मवत्यवधृतिः । धर्मत्यागे मर्यादामार्ग एव पापसंभवेनाऽत्र च तत्कथनेन संशयोऽपि । स्वस्यैव पापमोचकत्वोक्त्या न मर्यादाऽपि । पुष्टस्यैवंविधशंकाऽसंभवेनाऽत्र च तन्निषेधाऽनुपपत्या तत्सत्वनिश्चयेनाऽपि मर्यादामार्गीयत्वं ज्ञायते । किं च पुष्टिलीलायाः फलप्रकरणे स्वयं मर्यादामेव निरूपयन् भक्तानामाग्रहेण परं पुष्टिमङ्गीकृतवान् । इह तु तद्वैपरीत्यम् । अपरं च शरणमागते पापान्मोचनमुक्तम् । न 'त्वद्ब्रथाप्रत'

---

१. सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ।
इत्यादिशरणागतिनिदेशस्य विवरणरूपोऽयं ग्रन्थः ।

निशि शयानमतिश्रमेणण लोके वैकुण्ठ उपनेष्यति गोकुलं स्व'मितिवत्
द्रोणादीन्मारय पापेभ्योऽहं मोचयिष्यामीतिशरणगमनम् । तथा सति पापमो
चनं च मर्यादैवेति तद्विरुद्धं धर्मत्याकथनं नोपपद्यत इति विचारकान्तःकरण
कलिलमपमर्यंस्तद्वाक्यतात्पर्यमेकेन श्लोकेनाऽऽह । न्यासादेशेषु धर्मत्यजन
वचनत इति ।

ग्रन्थारम्भः

२] अत्राऽयं भावः—पार्थस्य पुष्टिमर्यादायामङ्गीकारो न तु पुष्टिपुष्टौ
शरणगमनं च पुष्टिमर्यादारूपम् । तेन धर्मत्यागः पुष्ट्यंशः । शरणगमनात्मक
साधने सति रक्षा च मर्यादायाः । तेनाभयोर्भक्तिर्न विरुद्धा । पुष्टिमर्या
दायां केवलमर्यादामार्गीयधर्मबाधो न दोषाय । तुरीयाश्रमे पूर्वाश्रमधर्मबाध
वत् । तत्र पूर्वरयैव तस्य बाधो न तु गृहीताश्रमीणस्याऽपि । इह तु धर्म
मात्रस्य पूर्वाश्रमीगतुल्यत्वमिति विशेषः । शरणागत्यात्मकवस्तुन एव तथा
त्वात् । तदाह—तदिह न विहतो धर्म आज्ञादिसिद्ध इति । यद्वा धर्मत्याग
कथनेन धर्मो न विहतस्तत्र हेतुराज्ञादिसिद्धइति । कुर्वित्याज्ञाविषयो यः स
एव धर्म इत्यर्थः । तथा च तत्त्यागस्याप्यत्राज्ञाविषयत्वाद्धर्मत्वमेवेति भावः
लोके 'धर्मा उपदेष्टव्या' इत्याज्ञां प्राप्य मनवादिभिरुक्तो धर्म आदिपदेनो
च्यते । यद्वा आज्ञा पूर्वोक्ता आदिर्यस्य मन्वादिवाक्यस्येत्यर्थः । तेन कैमु
तिकन्याय उक्तो भवति ।

३] तर्हि पापकथमनुपपन्नमिति चेन्नाऽनवबोधात् । तथाहि—मूले
सर्वधर्मानित्यत्र सर्वपदेन शरणगतातिरिक्ता धर्मा उच्यन्ते । तथा च यत्सं
बंधिनो धर्मास्तःसंबंधीन्येव तद्बाधजपापान्यपीति तेभ्यस्त्वां मोचयिष्यामि
प्रवाहन्यायेन तत्संभावनायामपि त्वयि तदनुत्पत्तिं करिष्यामीत्यर्थः । न तु
त्वय्युत्पन्नेभ्य इति । एतत्कथनं तन्मार्गस्वरूपानभिज्ञत्वेन स्वस्मिंस्तत्संभाव
नया शोचन्तं पार्थमाश्वासयितुम ।

४] तर्हि 'मामेकं शरणंव्रजे'त्येतावदेव वक्तुमुचितं शरणपदार्थस्यैव तदू
पत्वादत आह । न्यासादेशेषु धर्मत्यजनवचनत इति । न्यासः संन्यास
स्तदादेशेषु 'यदहरेव विरजेत्तदहरेव प्रव्रजेत्' 'तावत्कर्माणि कुर्वीत न
निर्विद्येत यावता' इत्यादिषु । तत्र वैराग्यमेवाधिकारत्वेनोक्तम् । अत्राप्यै
हिकपारलौकिकसाधनानां परस्परविरोधात्सम्यक्कृतुमशक्यात्त्वाच्च स्वेष्टासाध-

नत्वज्ञानेन तेषु विरागे जाते भगवति च कर्तुमकर्तुमन्यथाकर्तुं समर्थत्वेन ज्ञाते सतिशरणगमनं भवतीतीदमष्यस्मिन्नंशे संन्यासरूपमेवेत्यत्रापि तदुक्तिः। तस्य पूर्वागत्वात्तेन विना तदसंभवाच्च। एवं सति 'न विहतो धर्मो' इत्यत्राऽयं हेतुरित्यपि ज्ञेयम्। वचनत इति भावप्रधानो निर्देशः। तथा च तत्सजातीयत्वात्तत्र यथा न धर्मविहतिस्तथात्रापीत्यर्थः। एतेन सर्वधर्मा धर्मा इति सूचितम्।

५] ननु पार्थ ऐहिकपारलौकिकधर्मत्यागाभावादेवमुपदेशस्य फलं न पश्याम इत्यरुच्या पक्षान्तरमाह। **अकिंचनाधिक्रियोक्तेति**। येषां, 'प्रवृत्तानिवृत्त्योर्भगवदधीनत्वमेवेति, यत्किंचित्कुर्वन्ति तद्भगवानेन करोतीति' तदतिरिक्तं न किंचनास्ति तेऽकिंचनास्तेषामेव शरणागतावधिकार इति ज्ञापनायाकिञ्चनत्वमेव सर्वधर्मत्यागरूपमुक्तवानित्यर्थः। एवं सति द्रोणादिमारणद्राज्यभोगनत्यागावपीति ज्ञापितम्।

६] ननु भगवदीयस्य स्वतोऽन्यत्र प्रवृत्तिरेव न। प्रवृत्तौ वा न फलसिद्धिः। त्रैवर्गिकायासविधातमितिवाक्यात्। तथा सति स्वयमेव सर्वतो निवृत्तो भविष्यतीति किमर्थं कथनमित्याशंक्य तात्पर्यान्तरमाह-**कार्पण्यं चांगमुक्तमिति**। सर्वसाधनराहित्यस्फूर्त्याऽऽत्मनि दीनत्वं स्फुरति नान्यथा। तच्च शरणागतावंगम्। अन्यथा कदाचिद्भगवद्बलेनैवौद्धत्ये कृते शरणगतिर्भज्यते। तेन दीनत्वमेव धर्मत्यागथनेनोक्तमित्यर्थः। यद्वा कृपणः सतु विज्ञेयो योऽनालोचितयाचक'इति वाक्यात्तथात्वं वक्तुं सर्वधर्मत्याग उक्तः तथाहि-क्व ब्रह्मश्रुत्यादिदुरापचरणरेणुरीश्वरः क्वाऽहं 'तुच्छो जीव इत्युभयधर्मस्फूर्तौ शरणागतिरेव न संभवतीति स्वधर्मभगवन्माहात्म्यरूपधर्मानपि त्यक्त्वेत्युक्तमित्यर्थः। अत्र त्यक्त्वाऽविचार्येत्यर्थो ज्ञेयः। अत एवांगमित्युक्तम्। अस्मिन्पक्षे साक्षाद्भगवतः शरणत्वे यत्प्रतिबन्धकं तत्सर्वं पापशब्देनोच्यते। आधिभौतिकादित्रयसवात्तद्बहुत्वम्।

७] ननु संसाराद्भीतस्यार्तस्य पूर्वोक्तधर्मज्ञानं शरणागतौ न प्रतिबंधकं, प्रत्युत महत्त्वज्ञानं साधकमित्यरुच्या तात्पर्यान्तरमाह-**मदितरभजनापेक्षणं वा व्यपोढमिति**। महत्यशक्य एवार्थे हरिः शरणम्। स्वशक्येऽप्यर्थो भगवति भारः किमर्थं देय इत्याशंकानिरासार्थं सर्वधर्मान्परित्यज्येत्युक्तम्। सर्वान्भगवदतिरिक्तान्धर्माञ्चोदनालक्षणात् तत्तद्देवताभजनरुपान्। लौकिकापेक्षा-

त्यागः परिशब्दार्थः । तथा च मदितरश्च भजनं चाऽपेक्षणं च तेषां समाहारस्तथा । एवं सति सुशकेऽत्यशक्ये चार्थे हरिरेव शरणमिति ज्ञेयमित्यर्थः । अन्यथा शरणपदार्थाभाव इतिभावः यद्वा अहं चेतरश्च मदितरौ तयोर्वथाक्रमं भजनमपेक्षणं चेत्यर्थः । शरणमार्गे भगवद्भजनस्यानपेक्षणात्तथात्वम् । अस्मिन्पक्षे सर्वधर्मपदेन भगवद्धर्मा अप्युच्यन्ते । भगवद्वाक्यव्याख्यानत्वेन मच्छब्दप्रयोगः । तदिति वा ।

८] ननु पापाभावार्थमेव शरणागतिकथनं चेत्तदा प्रायश्चित्तादिनैव तत्संभवे पुरूषार्थरूपशरणगमनोपदेशोऽयुक्त इत्यरूच्या तात्पर्यान्तरमाहुः— **दुसाध्येच्छोद्यमौ वा क्वचिदुपशमितौ इति** । भगवदंगीकारनंतरं पापसंभावनैव न । कदाचित्तत्संभवे प्राचीनप्रारब्धस्य न प्रायश्चित्तादिना निवृत्तिः । किन्तु भगवतैव । एवं सति 'तरतिब्रह्महत्यां योऽश्वमेधेन यजते इत्यादिश्रुतिरेतद्भिन्नेति ज्ञेयम् । तथा चाश्वमेधादिना तन्निवृत्तिर्दुःसाध्या । तत्रेच्छोद्यमयोरुपशमनार्थं धर्मत्याग उक्त इत्यर्थः अस्मिन्पक्षे 'सर्वेषां धर्मानित्यर्थो ज्ञेयः । इदं च महदैश्वर्य यदल्पेऽर्थे बहुदानम् । अस्य भगवदीयत्वेनासाधारण्यादन्यतो दोषनिवृत्तावेतन्मार्गाप्रवेशे च न कदाचि तन्निवृत्तिर्भवेदित्याऽनुपपत्तिरेव शरणकथने बीजम् । तेनैतस्य दानमेव । न कथनमात्रम् । तर्हि पूर्वोक्तेच्छोद्यमासंभवात्तत्कथनमनुपपन्नमित्याशंक्य पाक्षिकोऽपि दोषः परिहरणीय इति न्यायेन तत्परिहार इति ज्ञापनाय क्वचिदित्युक्तम् । तथाच तौ क्वचित्संभवत इति पूर्वेण संबंधः ।

९] तथापि लोकसंग्रहार्थं धर्मकरणमुचितमित्याशंक्य तात्पर्यान्तरमाह— **अन्यसंमेलने वा ब्रह्मास्त्रन्याय** उक्त इति अयं न्यायो हनुमति प्रसिद्धः । तथा च धर्मान्तरसंबंधे शरणपदार्थो गच्छतीति तद्रक्षार्थमेव धर्मत्याग उक्त इत्यर्थः । एकपदमप्यत एव । अन्यथा मामित्यनेनैवैकत्वप्राप्तेरिदं व्यर्थं स्यात् । तदार्थस्तु देशकालापेक्षारहितमिति । अतो न विहतो धर्म इत्यादि पूर्ववत् ।

१०] पुरःस्फूर्तिकोऽयमर्थो वस्तुतस्त्वन्यत्रैव तात्पर्यम् । तथा ह्यत्र सर्वात्मभावे तात्पर्यम् । धर्मत्यागकथनेन धर्मो न विहत इत्यत्र हेतुरूच्यते— **न्यासेत्यादि** । भक्तिमार्गीयन्मासेवा घोषभूषणसीमन्तिनीष्वेवेति पितृचरणैः संन्यासप्रकरणे निरुपितम् । तथा च न्यासस्य आदेशः कथनम् । 'संत्यज्य

सर्वविषयानि'त्यादि । 'कास्त्रयंग त' इत्यादि । 'किंकरीणामि'ति च । नहि कैंकर्ये पूर्वसिद्धो धर्मस्तिष्ठति । 'पतिसुतान्वयभ्रातृबान्धवानि'ति । 'एवं मदर्थोज्झितलोकवेदस्वानामि'ति च । एवं सति तत्त्यागवचनं पूर्वसिद्धमित्येतदपि तत्सजातीयमित्यर्थः । भावप्रधानत्वमत्रऽपि । तथा च सर्वधर्मान्परित्यज्य मां धर्मीणं शरणं व्रजेत्यर्थः ।

११] कर्मज्ञानभक्तिमार्गा हि मोक्षान्ता भगवद्धर्मपर्यवसाना एव न तु धर्मिपर्यवसानाः । त्रिष्वपि विहितत्वेनैव करणमिति भगवद्धर्मरूपाज्ञापरत्वमेवेति तथा । सर्वात्मभावस्य केवलधर्मिपर्यवसानात्म एव भाव उपदिष्टो भवति । किं च अकिंचनेत्यादि–'तदर्थविनिवर्तितसर्वकामा' 'तन्मनस्कास्तदालापा' इत्यादि । एतादृशा अकिंचना येषां क्षणविलंबोऽपि सोढुं न शक्यः । अन्यथा प्रातरायास्यत्येवेति किमर्थमेतावान्प्रयासः स्यात् । तथा च स्वविवेकधैर्यत्याग उक्तो भवति । सर्वात्मभावयुक्तस्यैतत्त्यागः सहज इति नोपदेशार्हं इत्यधिकार एव तेनोक्तः । तेन भावोत्पत्तेः पूर्वमेव तत्त्यागो भवतीति सूचितम् । अधिकारस्य तथात्वात् ।

१२] तत्रापि क्लेशो भगवत्तिरोधानजन्यः श्रूयत इति कथं निस्तार इत्याशंकानिरासार्थं–कार्पण्यं वांगमुक्तम् । एतच्च, सर्वसाधनवैफल्ये 'रुरुदुः सुस्वरं राजन्कृष्णदर्शनलालसा' इत्यत्रोक्तं दैन्यम् । तेन न क्लेशो भावीति भावः । भावे वा पुरुषार्थरूपत्वात्क्लेशस्य न काचिन्यूनतापीत्याह–मदितरेति । इतरस्मिन्भजनमितरभजनम् । तथा च यथाहं भजामि तथा स्वाम्यपि जभत्वित्यपेक्षा तथा कृतेत्यर्थः । तदुक्तं 'नाहं तु सख्य' इत्यादिना ।

१३] यद्वा सर्वधर्मानितिस्वामिविशेषणम् । एवं सति तान् परित्यज्य शरणभूतं मां व्रज प्राप्नुहीत्यर्थः । सर्वात्मभाववत्स्वेव ह्यानंददानार्थं ब्रह्मधर्मानप्यात्मारामत्वादीन्भगवांस्त्यक्तवानिति । तथा च मम एतादृशभक्तमपहायाऽन्यभजनापेक्षणं तथेत्यर्थः । न चैतादृशो भावः साधनैर्भवितुं शक्नोतीति साधनैरिमं भावं साधयिष्यामीतीच्छोद्यमौ तथा । साक्षात्स्वरूपसम्बंधिनां स्वरूपत एव जातेऽप्याधुनिकानां साधनैर्भविष्यतीतिशंकाभावाय 'कश्चिदि' त्युक्तम् । किंचैतद्भावयुक्तत्याऽन्यमेलनमपि न । यथेतरमेलने ब्रह्मास्त्रगमनं तथैतद्भावे सति नान्यमेलनमित्यर्थः । अस्मिन्नपि स्वामिविशेषणं ज्ञेयम् । तस्मा'द्भर्तुः-

शुश्रूषणं स्त्रीणा'मित्यज्ञा सिद्धो न तथेत्यर्थः । तस्य मर्यादात्वात्त्यागस्य पुष्टिरूपत्वादिति भाव इति हृदयम् ।

१४] ननु पार्थस्यैतद्भावाऽनुत्पत्तेरयमुपदेशार्थ इति कथमवधार्य इति चेत् । उच्यते । भगवान्शास्त्रार्थ प्रतिपादयति । तत्र यथाधिकारो बो इति दिक् । अस्मिन्पक्षे भगवदतिरिक्तस्य भगवद्भावप्रतिबंधकत्वेनाऽनिष्ट त्वात्सर्वस्यैव पापरूपत्वम् । तथा च तेभ्यस्तथा करिष्यामीत्यर्थः । एतेना भाव एतत्प्रतिबंधकापगमश्च मगवतैवेति ज्ञापितम् । अथवा पार्थेऽप्ययं भा भावीति ज्ञेयम् । अन्यथा पूर्वश्लोके **मामेवेत्येवकारो** व्यर्थः स्यात् । मामि त्यनेनैव भगवदैक्यप्राप्तेः । तथा य सर्वात्मभावविषयधर्मिमात्रमेप्यसीत्यर्थ संपद्यते । तथा च पूर्वं तत्साधनमुक्त्वोत्तरेण तं भावमेवोपदिष्टवान् । अतए 'व्रजे'ति मध्यमपुरुषप्रयोग'स्त्वा'मिति चोपपद्यते । भगवद्वाक्येनैतद् भावस्व रूपज्ञाने सति मोक्षाधिकपरमपुरुषार्थरूपभावाप्राप्तिज्ञानेन भगवदितरस्य सर्व स्यैव प्रतिबंधकत्वज्ञानेन च तस्मिन् शोचन्तं पार्थमाश्वासयितुमुत्तरार्द्धः ।

१५] एतद्भाववत्त्वेन तदप्रसिद्धि'रिदं ते नातपस्काये'त्याऽना निषेधात्स्वहृदय एवनिगूढत्वेन स्थापनादिति ज्ञेयम् । अत एव स्वस्य केव लभगवदीयत्वख्यापनाय **'करिष्ये वचनं तवेत्युक्तम्'** न तु 'शत्रून्ह निष्ये राज्यं भोक्ष्य' इति वा । तथा च तत्करणमाज्ञापालनमेवेत्युक्तम् । किंच एतद्भाववत एवात्युदारत्वेनाऽन्यत्र सर्वत्रैव तुच्छबुद्धिर्भवेन्नाऽन्यस्य इतोऽपि पार्थे तद्भाववत्त्वं लक्ष्यते । अन्यथा स्वतो वेदवाक्यविचारेण गुर्वादिवधाद्विमुखस्य तद्विरूद्धवाक्यश्रवणे चोभयोरपि तद्वाक्यत्वात्समानबल त्वेन संशयजनकत्वमेव स्यादिति न तत्र निःसंदिग्धा प्रवृत्तिः स्यात् । अत एव धर्मिणि हृदयं गते धर्ममार्गस्य दुर्बलत्वमिति ज्ञात्वा **'स्थितोऽस्मि गत संदेह'** इत्युक्तवान । अतएव **'नारायणपरा लोके न कुतश्चन विभ्यति'** इत्यादि शिववाक्यम् । राज्याद्यर्थं गुर्वादिमारणं तु मोहकार्यमेवेति **'नष्टो मोह'** इति न वदेच्चेति निगूढाशयः ।

१६] यद्वा—सर्वात्मभाववतां वार्ताश्रवणेन तस्य मोक्षाधिकपरमपुरुषार्थ त्वज्ञानेन तदर्थं भगवद्भजनादावपि कृते यदा न तत्प्राप्तिः । तस्यचाऽव इयमपेक्षणीयत्वेनाऽत्यार्तिर्भवेत । भगवदनुग्रहविशेषैकलभ्यत्वज्ञानं च तदा शास्त्रवाक्यत्वज्ञानेन तादृशानुग्रहकरणे तद्भावप्राप्तौ च भगवानेव शरणमिति

शरणागतिर्भवति । ततश्च तद्भावप्राप्तिः । उभयमपीदं फलरूपमितरसाधनासाध्यमिति वर[1]वदास्यान्नाह–सर्वधर्मानिति । उक्तरीत्या लौकिकवैदिकभगवद्धर्मानेतदसाधनत्वात्त्यक्त्वा मां शरणं व्रजेत्युत्तरार्द्धस[2]हितेन शरणागतिदानम् । तदनंतरमेकं केवलभावविषयं मां व्रज प्राप्नुहीति तद्भावदानम् । तदैव शोकनिवृत्तिरपि भविष्यतीत्याह–मा शुच इति केवलभावलभ्यरसस्यैव तन्निवर्तकत्वात । अतएव भागवते 'शोकनाशन'मिति तद्विशेषणम् । एवं सर्वमवदातम् ।

इति पितृचरणकृपातो गोपीपतिचरणरेणुधनिना यः ।
श्रीविट्ठलेन विवृतो भावो मयि स स्थिरो भवतु ॥ १ ॥

इति श्रीमदग्निकुमारविरचितं श्रीन्यासादेशविचरणं सम्पूर्णम् ।

---

१ अस्मिन्नर्थेऽशिषि लोट ज्ञेयः । २ तन्त्रेणाऽत्र वाक्यद्वयम् । एकेन शरणदानमन्येन तद्भावदानम् । ३ यत्त्वत्र कैश्चन 'श्लोऽकोयमन्यदीय एवात्राऽऽपतित इत्युद्घुष्यते तत्र विचारसहम् । यद्धि रीतिरेषाऽपि यत्स्वकृते स्वनामस्थापनमिति ।

॥ श्रीहरिः ॥

अथ श्रीमद्वल्लभाचार्यचरणविरचितो

१

न्यासादेशः



न्यासादेशेषु धर्मत्यजनवचनतोऽकिंचनाधिक्रियोक्ता
कार्पण्यं वांऽगमुक्तं मदितरभजनापेक्षणं वा व्यपोढम् ।
दुःसाध्येच्छोद्यमौ वा क्वचिदुपशमितावन्यसंमेलने वा
ब्रह्मास्त्रन्याय उक्तस्तदिह न विहतो धर्म आज्ञादिसिद्धः १

अन्वयः—न्यासादेशेषु धर्मत्यजनवचनतः, क्वचित् अकिंचनाऽधिक्रिया उक्ता। वा कार्पण्यं अङ्गं उक्तम् । वा मदितरभजनापेक्षणं व्यपोढम्। वा दुःसाध्येच्छोद्यमौ उपशमितौ। वा अन्यसंमेलने ब्रह्मास्त्रन्यायः उक्तः । तत् इह आज्ञादिसिद्धिः धर्मः न विदतः ।

अक्षरार्थः— સર્વત્યાગની આજ્ઞાઓમાં ધર્મત્યાગ કરવાના વચનોથી કોઇ ઠેકાણે અકિંચનપણાને શરણાગતિનો અધિકાર કહ્યો છે. અને કોઇ ઠેકાણે દીનપણાને શરણાગતિનું અંગ કહ્યું છે. અથવા મારાથી બીજાનું ભજન અને અપેક્ષા રાખવાનો નિષેધ કર્યો છે. કિંવા દુઃસાધ્યકાર્યની ઇચ્છા અને પ્રયત્નનું ઉપશમન કર્યું છે. અથવા ધર્માન્તરનો સંબંધ થવામાં બ્રહ્માસ્ત્રન્યાય વર્ણવેલો છે. માટે 'सर्वधर्मान्' આ ગીતાના શ્લોકમાં, વેદાદિ આજ્ઞાથી સિદ્ધ ધર્મ નષ્ટ ન થયો.

---

१. सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥
इत्यादिशरणागतिनिदेशस्य विवरणरूपोऽयं ग्रन्थः ।

૧] શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના અઢારમા અધ્યાયના ૬૬ માં શ્લોકમાં સર્વધર્મોનો ત્યાગ કરીને શરણે આવવાની આજ્ઞા કરી છે. ત્યાં અનેક વિકલ્પો થાય છે, કે સર્વ ધર્મોનો ત્યાગ કરવો પુષ્ટિમાર્ગમાં છે. મર્યાદામાર્ગમાં નથી. અને અત્રે શ્રીકૃષ્ણે અર્જુનને સર્વધર્મત્યાગનો ઉપદેશ કીધો છે માટે એમ નિશ્ચય થાય છે કે અર્જુન પણ પુષ્ટિમાર્ગમાં અંગીકૃત હતો. ધર્મનો ત્યાગ કરવાથી મર્યાદામાર્ગમાંજ પાપ લાગવાનો ભય છે અને તે પાપભયની સંભાવના આ શ્લોકના ઉત્તર ભાગમાં કરી છે. માટે એમ પણ સંદેહ થાય છે કે અર્જુન મર્યાદામાર્ગીય ભક્ત હશે. પણ 'કૃતિની અપેક્ષા નહીં રાખી હું સ્વયં તને પાપથી છોડાવીશ' એમ કહ્યું છે તેથી સ્પષ્ટ પ્રતીત થાય છે કે અર્જુન મર્યાદામાર્ગીય નથી. પ્રભુના ઉપર પૂર્ણ વિશ્વાસ હોવાથી પુષ્ટિમાર્ગીયભક્તને કોઇ પ્રકારનો પણ શોક હોતો નથી પણ અત્રે 'માશુચઃ' શોક મા કર,' એમ શોક કરવાનો નિષેધ કર્યો છે માટે નિશ્ચય થાય છે કે અર્જુનને શોક હતો તેથી તેનું મર્યાદામાર્ગીયપણું નિશ્ચિત થાય છે. આવી રીતે જેમ અધિકારીમાં અનેક સંદેહ થાય છે. તેમજ અધિકાર તથા પ્રભુના પ્રતિ પણ કેટલાક સંદેહો થાય છે. જેમ કે પુષ્ટિલીલાના ફલપ્રકરણમાં (રાસપંચાધ્યાયીના પ્રારમ્ભમાં) પ્રભુએ 'પતિશુશ્રૂષણં સ્ત્રીણાં' ઇત્યાદિ વચનો દ્વારા પ્રથમ મર્યાદાનો સ્વીકાર કર્યો પછી ભક્તોના અત્યાગ્રહથી પુષ્ટિનો અંગીકાર કર્યો, કિન્તુ ગીતામાં તો ભક્તને મર્યાદાનો આગ્રહ છે છતાં પણ પોતે 'સર્વધર્માનિ' ત્યાદિવાક્યોથી પુષ્ટિનો ઉપદેશ કરે છે એમ વિપરીતતા દેખાય છે. શ્રીમદ્‌ભાગવતમાં તો 'દિવસમાં વ્યવહારકાર્યમાં વ્યાકુલ અને રાત્રિમાં અતિશ્રમથી પ્રતિદિન ઊંઘી જતાં પોતાના ગોકુલને વૈકુંઠમાં લઈ જશે' ઇત્યાદિ સ્થલોમાં સાધનરહિતોને પણ ફલ આપેલું છે. પણ અર્જુનને એમ આજ્ઞા કરે છે કે 'તું દ્રોણાદિકોને માર અને મહારા શરણ આવ તને હું પાપોથી છોડાવીશ.' શરણે આવશે તો પાપોથી મુક્ત કરાવીશ એમ સ્પષ્ટ મર્યાદા આવી જાય છે. અને તેના વિરુદ્ધ સર્વધર્મોનું પરિહરણકથન યુક્ત નથી. એમ વિચાર કરનારના હૃદયમાં અનેક સન્દેહ

ઉત્પન્ન થાય છે. તેને દૂર કરવાને માટે પૂર્વોક્ત 'ન્યાસાદેસેષુ' ઇત્યાદિ શ્લોક કહે છે.

૨] આવી રીતે જ્યારે સંદેહ થાય ત્યારે એટલોજ આશય સમ-જવાનો છે કે શ્રીકૃષ્ણે અર્જુનનો અંગીકાર પુષ્ટિમર્યાદામાં કીધો છે. અર્થાત્ અર્જુન પુષ્ટિમર્યાદાનો અધિકારી છે. પુષ્ટિપુષ્ટિનો નહીં. અર્જુનનું જે શરણે જવું તે પુષ્ટિમર્યાદારૂપ છે. તેમાં સર્વધર્મોનો ત્યાગ કરવો પુષ્ટિનો અંશ છે. અને શરણે જવારૂપ સાધનનું આચરણ કરવાથી રક્ષા કરવી, તે મર્યાદાનો અંશ છે. તેથી બંને અંશની ભક્તિ વિરુદ્ધ નથી. અર્થાત્ પુષ્ટિ અને મર્યાદાના અંશવાલા અર્જુનની એવા પ્રકારની ભક્તિ કોઇ રીતે વિરુદ્ધ નથી. પુષ્ટિમિશ્રમર્યાદામાં કેવલ મર્યાદામાર્ગના ધર્મોનો ત્યાગ દૂષિત નથી. જેવી રીતે સંન્યાસાશ્રમમાં પ્રથમાશ્રમના (ગ્રહસ્થાશ્રમના) ધર્મોનો ત્યાગ કરવામાં દૂષણ નથી. તેમજ પુષ્ટિમર્યાદામાં પણ કેવલમ-ર્યાદાના ધર્મોનો ત્યાગ દૂષિત નથી. કેવલ મર્યાદામાર્ગમાં ગ્રહસ્થાશ્રમોકત ધર્મોનોજ ત્યાગ કરાય છે. સંન્યાસાશ્રમના ધર્મોનો નહીં. અર્થાત્ સંન્યા-સાશ્રમના ધર્મોનું પાલન તો કરાવાયજ છે. પણ પુષ્ટિમર્યાદામાં તો ધર્માત્રને પૂર્વાશ્રમીયધર્મોની સરખાઈ છે માટે તેનો પરિત્યાગ થાય છે. અત્રે કેવલ મર્યાદા કરતાં આટલું જ અધિક છે શરણાગતિરૂપ પદાર્થજ એવો છે કે ત્યાં સર્વધર્મોનો પરિત્યાગ કરીનેજ શરણે જવાય. તેજ આશયથી શ્રીઆચાર્યચરણે કહ્યું છેકે "તાદિહ ન વિહતો ધર્મ આજ્ઞાદિ સિદ્ધઃ" અર્થાત્ "તેથી સર્વધર્મોનો ત્યાગ કરતાં છતાં પણ ધર્મનો બાધ આવ્યો નથી કારણ કે તેવી આજ્ઞા છે." અથવા ધર્મત્યાગ કરતાં છતાં પણ ધર્મનો બાધ નથી થયો આ વાતમાં "આજ્ઞાદિસિદ્ધઃ" આ પદને હેતુ જાણવો. અર્થાત્ પ્રભુની આજ્ઞાનો જે વિષય હોય તેજ ધર્મ છે. અત્રે પ્રભુની આજ્ઞાનો વિષય, ધર્મોનો ત્યાગ છે. માટે તેને પણ ધર્મપણું છે. અત્રે એમ સમજવાનું છે કે ભગવદાજ્ઞાને ગ્રહણ કરીને ધર્મશાસ્ત્ર નિર્માણ કરનાર મનુ આદિના આજ્ઞાવિષયને, અથવા તો નિશ્વાસરૂપ વેદના આજ્ઞા-વિષયને જ્યારે ધર્મપણું છે, તો પછી પ્રભુના સાક્ષાદાજ્ઞાવિષયને ધર્મ-

પણું કેમ ન હોય ? હોયજ. તે આજ્ઞાનો વિષય અત્રે સર્વધર્મત્યાગ છે. માટે ધર્મત્યાગને પણ ભગવદાજ્ઞા સિદ્ધ હોવાથી ધર્મપણું છે. તેથીજ સર્વધર્મોનો પરિત્યાગ કરતાં છતાં પણ ધર્મનો બાધ ન થયો, " આજ્ઞાદ્ધિસિદ્ધઃ " અત્રે આદિપદથી ભગવદાજ્ઞાથી ધર્મોપદેશ કરનાર મનુપ્રભૃતિઓએ કહેલ ધર્મનું ગ્રહણ કરવું. અથવા પૂર્વોક્ત અર્થાત્ ધર્મત્યાગ કરીને તું મહારે શરણે આવ ઇત્યાદિ આજ્ઞા છે આદિમાં જે મનુ આદિના તેથી સિદ્ધ, એવો અર્થ કરવો. અર્થાત્ પ્રભુ આજ્ઞાયુકત મનુપ્રભૃતિના વચનોથી સિદ્ધ જ્યારે ધર્મ છે તો પછી પ્રભુની આજ્ઞાસિદ્ધ જે તે ધર્મ એમાં શું કહેવું ? કિંવા વેદાજ્ઞા છે આદિમાં જેને એવો સ્મૃતિસિદ્ધ ધર્મ તે પણ નષ્ટ ન થયો, અર્થાત્ વેદનિશ્વાસરૂપ છે. અને મન્વાદિ પ્રભુના અંશાંશ છે પણ ' સર્વધર્માન ' એતો પ્રભુના ખાસ વચનામૃત છે. માટે સ્વમુખોક્તશબ્દ ધર્મત્યાગરૂપ ધર્મ હોવાથી કોઇનો બાધ આવતો નથી.

૩] જ્યારે પ્રભુઆજ્ઞા સિદ્ધ હોવાથી સર્વધર્મોનો ત્યાગ કરતાં છતાં પણ ધર્મબાધ નથી થતો, તો પછી " અહું ત્વાં સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ" ' હું તને બધા પાપોથી છોડાવીશ શોચ મા કર. ' આ ઉત્તરાર્ધમાં પાપનું કથન અયુકત થશે. કારણ કે જો ધર્મનો બાધજ નથી થતો તો પછી 'તને પાપ લાગશે' 'અને હું છોડાવીશ એ બન્ને વચન વ્યર્થ છે. અનુપયુકત છે. તેનો ઉત્તર આવી રીતે છે કે અર્જુનને ભગવન્માર્ગનું સ્વરૂપજ્ઞાન ન હતું માટે તેને સમજાવવા માત્ર તે પાપકથનાદિ વાકય છે કહેવાનો આશય એમ છે કે મૂલમાં એટલે ' સર્વધર્માન ' આ સમસ્ત પદમાં **સર્વ** પદવડે શરણુગમનના શિવાયના ધર્મોનો ત્યાગ કરવાનો અર્થાત્ સૂચિત છે. ત્યારે જે સંબંધી ધર્મોનો બાધ થશે તે સંબંધી પાપોથીજ હે અર્જુન ! તને છોડાવીશ. અર્થાત્ યદ્યપિ મહારી આજ્ઞા પાલન કરવાથી તારામાં પાપ લાગવાની સંભાવનાજ નથી. તથાપિ હું અજ્ઞાનથી તારા સંભાવના કરેલા અટલે સ્વપ્નની પેઠે

પ્રવાહન્યાયથી સ્વયં કલ્પના કરેલા પાપોની ઉત્પત્તિને પણ નહીં થવા દઇશ. તારામાં ઉત્પન્ન થયેલા પાપોથી છોડાવીશ એમ સમજવાનું નથી. કારણ કે ભગવદાજ્ઞાપાલન કરનારને પાપોત્પત્તિની સંભાવનાજ નથી. વાસ્તવમાં તો આટલું પણ કહેવું ભગવન્માર્ગપદ્ધતીને નહીં જાણીને શોક કરતા પાર્થને આશ્વાસન કરવામાત્રનેજ સમઝવું.

૪] અહીં આશંકા ઉત્પન્ન થાય છે કે તો પછી 'મામેકં શરણં વ્રજ' આટલુંજ કહેવાથી શરણોપદેશ થઈ શકતો હતો, 'સર્વ ધર્મોને છોડીને શરણે જા' એમ શું કરવા કહ્યું. તેના ઉત્તરમાં કહે છે કે 'ન્યાસાદેશેષુ ધર્મત્યજનવચનતઃ' અર્થાત્ જે, દિવસે વૈરાગ્ય થાય તે દિવસેજ ગૃહાદિપરિત્યાગપૂર્વક ગમન કરે' 'જ્યાંસુધી વૈરાગ્ય નહીં થાય ત્યાંસુધી ગાર્હસ્થ્યાદિકર્મોનું આચરણ કરે' ઇત્યાદિ ન્યાસ એટલે સંન્યાસની આજ્ઞાઓમાં વૈરાગ્યનેજ અધિકાર કહ્યું છે. અર્થાત્ સંન્યાસ લેવામાં વૈરાગ્યવાનજ ત્રૈવર્ણિક અધિકારી છે એમ વેદ આદિ શાસ્ત્રોની આજ્ઞા છે. શરણમાર્ગમાં પણ આ લોકના અને પરલોકના સાધનોનો પરસ્પરવિરોધ હોવાથી તે યથોક્ત રીતીથી કરી શકાતા નથી. માટે મહારા ઇચ્છિતપુરુષાર્થને અપાવી શક્તા નથી. એમ જ્ઞાન થવાથી જ્યારે તે ઐહિક પારલૌકિક સાધનોમાં વૈરાગ્ય થાય તથા મહારા પ્રભુ કર્તુમકર્તુમન્યથાકર્તું સમર્થ છે એમ પ્રભુની સામર્થ્યનું ભાન થઇ જાય ત્યારે તે પુરુષ શરણે જવાનો અધિકારી થાય છે. તેવું વૈરાગ્ય, અને આવું જ્ઞાન એ બન્ને શરણાંશમાં સંન્યાસરૂપજ છે. માટે 'સર્વધર્માન પરિત્યજ્ય' એ ભગવદુક્તિ સાર્થક છે. અને તે કહેવાની પૂર્વોક્ત રીતે આવશ્યકતા છેજ. જેમ સંન્યાસનું પૂર્વાશ્રમધર્મપરિત્યાગ અંગ છે. તેમ સર્વધર્મોનો પરિત્યાગ પણ શરણાગમનનું અંગ છે. અને તેથી જ પૂર્વાંગ વિના શરણાગમનની સાંગસિદ્ધ થતી નથી. ધર્મપરિત્યાગ કરતાં છતાં પણ ધર્મનો બાધ થયો નથી તેમાં એક આ પણ હેતુ સમજવો અર્થાત્ જેમ સન્યાસાશ્રમમાં પૂર્વાશ્રમધર્મોનો પરિત્યાગ દૂષિત નથી તેમ શરણાગમનમાં સર્વધર્મનો પરિત્યાગ પણ હાનિકારક નથી. 'વચનતઃ'

આ પદમાં 'વચનત્વાત્' એવો ભાવપ્રધાન નિર્દેશ સમજવો. તેથી એમ પણ સમજવાનું છે કે શરણુગમનને સન્યાસ સામ્ય હોવાથી જેમ ત્યાં ધર્મબાધ નથી તેમ અત્રે પણ ધર્મનાશ નથી જ. તેથી એમ પણ સૂચન થાય છે કે શરણુગામીના માટે બધા ધર્મો પારકાધર્મો છે.

૫] આ પક્ષમાં એવી અરુચિ થાય છે કે અર્જુને હજી સુધી ઐહિક પારલૌકિક કામના આદિનો પરિત્યાગ કર્યો નથી માટે તેને સર્વ-ધર્મનો પરિત્યાગ કરીને મહારે શરણે જા' એવી આજ્ઞાનું ફલ દેખાતું નથી આ અરુચિને દુર કરવાને માંટે બીજો પક્ષ કહે છે કે–શરણુગતિમાં અકિંચનનો અધિકાર છે. જે ભગવદીયોની યત્કિંચિત્કાર્યમાં પણ પ્રવૃત્તિ અથવા તો તેથી નિવૃત્તિ થવું પ્રભુના આધીન છે માટે, અને તે જે કરે છે તે સર્વ પ્રભુજ કરે છે માટે પણ, જે ભક્તોને પ્રભુના શિવાય કંઈ હોતું નથી તે અકિંચન કહેવાય છે. અને તેનેજ શરણે જવાનો અધિ-કાર છે. એ વાત અર્જુનને જણાવવા સારૂજ અકિંચનત્વરૂપ સર્વધર્મ-ત્યાગનો ઉપદેશ કર્યો છે. તેથી એમ પણ સૂચન થાય છે કે હે અર્જુન! તને અકિંચન થવા માટે દ્રોણાદિ મારણની પેઠે રાજ્યના ભોગનો ત્યાગ પણ કર્તવ્ય છે;

૬] પુનઃ એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે, ભગવદીયને સ્વતઃ અન્યત્ર ધર્મ આદિમાં પ્રવૃત્તિ થતી નથી. અને કદાચિત્પ્રવાહન્યાયથી પ્રવૃત્તિ થાય તો ફલસિદ્ધિ નથી થતી. ભાગવતના ષષ્ટસ્કંધમાં વૃત્રાસુરે કહ્યું છે કે 'હે શક્ર! અમારો સ્વામી પોતાના દાસોના ધર્મ અર્થ કામ આ ત્રેવર્ગિક શ્રમને દૂર કરે છે' એટલે ભગવદીયોને ભગવદનુગ્રહથી ધર્માર્થકામાદિમાં સ્વતઃ પ્રવૃત્તિ થતી નથી. તો પછી અર્જુન સ્વયં ધર્માદિમાં પ્રવૃત્ત નહી થશે તેના માટે ઉપદેશની દરકાર નથી. અને તેવો ઉપદેશ પ્રભુએ કેમ કર્યો. તે આશંકાને દૂર કરવા સારુ બીજો પક્ષ આદરે છે. 'કાર્પણ્યં બાંગમુક્તં'–અર્થાત્ શરણુગતિમાં દીનતા તે અંગ કથિત છે. દરેક પુરુષના પાસે જ્યારે કોઈ સાધન રહેતું નથી ત્યારે

તેના મનમાં દીનતાનું સ્ફુરણ થાય છે. પણ જ્યાંસુધી સાધનોનો અભાવ ન થાય ત્યાં સુધી દીનતા આવતી નથી. તે દીનતા શરણાગમનનું અંગ છે. કારણ કે જો કદાચિત્ દીનતા ન હોય, અને ભગવદનુગ્રહબલના જોરથી ઉદ્ધતતા અથવા અભિમાનિતા મનમાં આવી જાય તો શરણાગતિનોજ ભંગ થઇ જાય. અર્થાત્ જેનામાં દીનતા નથી પ્રભુ તેની શરણાગતિને સ્વીકાર કરતા નથી. અથવા તો તેની શરણાગતિ અંગવિનાની વિકલ કહેવાય છે. અર્જુનને પણ તેવું દીનત્વ થાય તે આશયથી પ્રભુએ સર્વધર્મોનો પરિત્યાગ કરવાનો ઉપદેશ કર્યો છે તે યુક્ત છે. અથવા તો 'જે અણસમઝથી માંગે તે દીન કહેવાય છે.' આ વચનના અનુસારે તેને દીનત્વ થવા માટે સર્વધર્મત્યાગનો ઉપદેશ કર્યો છે. અર્થાત્—સ્વયંભૂ, વેદ, અને મહેશ આદિને પણ દુર્લભ છે ચરણરેણુ જેની એવો સમર્થ પ્રભુ ક્યાં ? અને તુચ્છ જીવ હું ક્યાં ? આવી રીતે જો કદાચિત્ પોતાની અધમતા અને પ્રભુની ઉત્તમોત્તમતાનું સ્ફુરણ થાય તો કોઈ પણ શરણે જઈ શકે જ નહી અને શરણાગમનનો માર્ગ બંધ પડી જાય. તેથી પ્રભુએ કહ્યું કે 'હે અર્જુન ! તું પોતાના અને મહારા ધર્મોનો પરિત્યાગ કરીને શરણે જા.' આ પક્ષમાં ' પરિત્યજ્ય ' નો નહીં વિચારીને અર્થ કરવો. અર્થાત્ હે અર્જુન ! તું તારા અને મહારા ધર્મોનો વિચાર નહીં કરીને મહારે શરણે જા' એમ અર્થ સમજવો. તેથી જ તેને શરણાગમનનું' અંગ કહ્યું છે. ' સર્વધર્માન્ ' શ્લોકના પૂર્વાર્દ્ધનો આવી રીતે અર્થ કરવાથી, ઉત્તરાર્દ્ધ એટલે ' અહંત્વાઃ ' ઇત્યાદિનો અર્થ એમ સમજવાનો છે કે સાક્ષાત્ ભગવાનને શરણે જવામાં જેટલા પ્રતિબંધક છે તે સર્વે અત્રે પાપ શબ્દથી કહ્યા છે. આધિભૌતિકાદિ ત્રિવિધ ભેદથી પાપ ઘણાં થાય છે. માટે ' પાપેભ્યઃ ' બહુવચન કહ્યું છે. અર્થાત્ 'હે અર્જુન ! મહારે શરણે આવતા સમયે જેટલા પ્રતિબંધો આવશે તે બધાથી હું તને બચાવીશ.

૭] યદ્યપિ પોતાની તથા પ્રભુની અવસ્થાના જ્ઞાનથી શરણાગતિનો

ભંગ થઈ શકે છે. તથાપિ સંસારથી ભીત તથા દુખિયા પુરૂષને ભગવન્માહાત્મ્યનું જ્ઞાન શરણાગતિમાં પ્રતિબંધક નથી. કિન્તુ પ્રત્યુત તેનો સાધક થશે તેથી 'સર્વધર્માન્ પરિત્યજ્ય' એમ કહેવું યુકત નથી. આવી શંકાને દૂર કરવા માટે તાત્પર્યાન્તર કહે છે. અર્થાત્ 'સર્વધર્માન્' વાકય નો અન્ય અર્થ છે, એમ કહે છે. 'મદ્ઇતરભજનાપેક્ષણું' મહારાથી બીજાનું ભજન વા અપેક્ષા રાખવું દૂર કીધું છે.' કેટલાક એમ કહે છે કે મહોટા અને અશકય પ્રયોજન માટેજ પ્રભુને શરણે જવું. પોતાથી બની શકે એવા અથવા તો સામાન્ય પ્રયોજન માટે પ્રભુના ઉપર ભાર શું કરવા મુકવો. તે પક્ષ અત્રે નહીં સમઝવો તેના માટે 'સર્વધર્મોનો પરિત્યાગ કર' એમ કહ્યું છે. અર્થાત્ મહારાથી બીજો પુરુષ, તેનું ભજન, અને તેની અપેક્ષા રાખવી એ ત્રણેનો પરિત્યાગ કરવો. નિજથી અનાયાસથી થઈ શકે એવા અથવા તો નહીં થઈ શકે એવા પ્રયોજનમાં શ્રી હરિનોજ આશ્રય રાખવો. અન્યનો આશ્રય નહીં કરવો. તેના માટે જ 'સર્વધર્માન પરિત્યજ્ય'એમ ઉપદેશ કીધો છે.' આ પક્ષમાં 'સર્વે ચ ધર્માશ્ચ' એમ સમાસ કરવો. જો કોઈ સમયે કોઈ પ્રયોજનના માટે પણ અન્યનો આશ્રય કરે તો શરણાગતિનો બાધ થાય છે. અથવા હું અને અન્ય તે બંનેના ભજન અને અપેક્ષણનો પરિત્યાગ કરવો. શરણમાર્ગમાં ભગવદ્ભજનની પણ અપેક્ષા નથી. માર્જારીસુત ભક્તિમાં (આવી ભક્તિમાં કાલક્ષેપ તરીકે ભગવદ્ધર્મોનો આચરણ કરવામાં આવે છે.) જેમ ભક્ત પ્રભુભજનાદિનો પરિત્યાગ કરે છે. અને પ્રભુ સ્વયં તેનો ઉદ્ધાર કરે છે, તેમ અત્રે પણ મહારૂં ભજન તથા અપેક્ષણ બંનેનો ત્યાગ કર. આ પક્ષમાં સર્વધર્મપદથી ભગવદ્ધર્મનું પણ ગ્રહણ થાય છે. અર્થાત્ જેમ બીજાઓના ધર્મોનો ત્યાગ કરવો તેમ ભગવદ્ધર્મનો પણ પરિત્યાગ કરવો. 'મદ્ઇતર ઇત્યાદિ પદમાં ભગવદ્વાકયની અપેક્ષાથી 'મત' શબ્દનો પ્રયોગ શ્રીમદાચાર્યશ્રીએ કીધો છે. અથવા 'તદ્ઇતરભજનાપેક્ષણું વા વ્યપોઢં' એવો પદપ્રયોગ ફેરવી લેવો.

૮] અત્રે એવી અરુચિ થાય છે કે પાપ દૂર કરવા સારૂજ શર-

ણાગતિનો ઉપદેશ હોય તો તે ઉપદેશ વ્યર્થ છે. શરણ કે શરણાગતિના શિવાય પ્રાયશ્ચિત્તાદિના કરવાથી પણ પાપ દૂર થઈ શકે છે તો પછી શરણાગતિનોજ ઉપદેશ શું કરવા કર્યો. તે અરૂચિને દૂર કરવા માટે અન્ય પક્ષ કહે છે—' દુઃસાધ્યેચ્છોદ્યમૌ વા ક્વચિદુપશમિતૌ " અર્થાત્— દુઃસાધ્યમાં ઇચ્છા અને તેનો ઉદ્યમ આ બન્નેનો ઉપશમ કીધો છે.' જે દિવસથી પ્રભુએ અંગીકાર કર્યો તે દિવસથી પાપની સંભાવનાજ નથી. અને જો કદાચિત્ પૂર્વપ્રારબ્ધ અપરાધ હોય તો તે પ્રારબ્ધની નિવૃત્તિ પ્રાયશ્ચિત્તાદિકથી થતી નથી કિન્તુ પ્રભુના અનુગ્રહથીજ થાય છે. અર્થાત્ પ્રભુ પોતે જ તે પ્રારબ્ધનો નાશ કરી શકે છે. આ સિદ્ધાંતમાં 'જે અશ્વમેધ યજ્ઞ કરે છે તે બ્રહ્મહત્યાને તરે છે' ઇત્યાદિ શ્રુતિવાકયો અન્ય અધિકારિયોના માટે સમજવાં, આવી રીતે અલ્પપ્રયોજન પ્રાપ્ત છતાં જીવની દુઃસાધ્ય ઇચ્છા અને દુઃસાધ્યનો ઉદ્યમ દૂર કરી દેવો એ પ્રભુનું મોટું ઐશ્વર્ય છે. અર્જુન સાધારણ જીવ નથી કિન્તુ ભગવદીય છે. માટે તેના દોષોની નિવૃત્તિ અન્યથી થઈ શકે તેમ નથી અને જો તે ભગવન્માર્ગમાં પ્રવેશ પણ ન કરે તો પછી કોઈ રીતે પણ દોષનિવૃત્તિ નહીં થાય. તે અભવડથીજ પ્રભુએ તેને શરણે જવાનો આદેશ કર્યો. તેથી 'તું મહારે શરણે જા' એમ કથનમાત્ર નહીં કિન્તુ પ્રભુએ અર્જુનને પોતાના શરણનું દાન આપ્યું એમજ સમજવાનું છે. તો પછી ભગવદીય હોવાથી તેની દુઃસાધ્યમાં ઇચ્છા એને તેમાં પ્રવૃત્તિ બન્ને સંભવતી નથી તેથી તેનું કથન વ્યર્થ થશે એમ આશંકા ન થાય તેના માટે પાક્ષિકદોષનો પણ પરિહાર કરતાં કહે છે કે ' ક્વચિત–' અર્થાત્ એવું ક્વચિત્ બને છે. અત્રે એમ સમજવાનું છે કે' ક્વચિત દુઃસાધ્યેચ્છોદ્યમૌ ઉપશમિતૌ ' કોઇક વખતે ભગવદીયને પણ ભ્રમાદિથી અથવા સંગાદિથી દુઃસાધ્ય યજ્ઞાદિકાર્યમાં ઇચ્છા અથવા તેમાં પ્રવૃત્તિ થાય તો તે સમયમાં તેની તે ઇચ્છા અને ઉદ્યમને દૂર કરવાને માટે ' સર્વધર્માન પરિત્યજ્ય' એ ઉપદેશ છે.

૯] યદ્યપિ અન્યાશ્રય થાય તે માટે સર્વધર્મોનો પરિત્યાગ કરવો જોઈએ તથાપિ ' લોકસંગ્રહમેવાડપિ સંપશ્યન્કર્તુમર્હસિ ' ઇત્યાદિ વચનોના અનુસારે લોક મર્યાદાના રક્ષણના માટે તો અવશ્ય ધર્મનુ આચરણ કરવું જોઈયે ? તે શંકાને દુર કરવા માટે બીજા તાત્પર્યનું અવતરણ કરે છે– ' વા અન્યસંભેલને બ્રહ્માસ્ત્રન્યાય ઉકતઃ'–'અથવા અન્યાશ્રય નહીં થવાના વિષયમાં બ્રહ્માસ્ત્રનો ન્યાય આપ્યો છે. આ ન્યાય હનુમાન માં પ્રસિદ્ધ છે. અર્થાત્–શ્રીમદ્રામાયણના સુન્દરકાણ્ડમાં શ્રીપુરૂષોત્તમના એકાન્તદાસ શ્રીહનુમાનજી જ્યારે પોતાના પ્રભુની આજ્ઞાથી શ્રીજનકનંદિનીની ખબર કાઢવા લંકાપુરીમાં ગયા. અને ત્યાં જ્યારે મેઘનાદે હનુમાનના ઉપર બ્રહ્માસ્ત્ર ચલાવ્યું ત્યારે શ્રીહનુમાનજીએ કહ્યું છે કે યદ્યપિ 'સ્તુતિ કરવાથી આ બ્રહ્માસ્ત્રથી હું બચી શકું છું તોપણ હું શ્રીરામનો એકાંતદાસ અન્યનો આશ્રય કરી શકતો નથી.' એમ કહીને બ્રહ્માસ્ત્રથી બન્ધનને સ્વીકાર્યું. પણ તે બ્રહ્માસ્ત્રથી બંધાયા છતાં રાક્ષસોયે બીજા દોરડાઓથી પણ બાંધવા લાગ્યા ત્યારે તે બ્રહ્માસ્ત્ર જતું રહ્યું તેજ અત્રે સમજવું. અર્થાત્–જો અર્જુનને અન્યધર્મોનો સંબંધ થશે તો શરણાગતિનો ભંગ થશે. તેથી અન્યધર્મોનો ત્યાગ કરાવવો જોઈએ એમ સમજીને પ્રભુએ અર્જુનને સર્વધર્મોના ત્યાગ કરવાનો ઉપદેશ કર્યો. તેથીજ ' માં એકં ' ઠેકાણે એક ' પદનો પ્રયોગ કીધો છે. તેનું પણ તાત્પર્ય તેજ છે કે અન્યનો આશ્રય નહીં કરીને મહારે શરણે જા જો એમ કહેવાનું ન હોત તો ' માં' એતાવન્માત્ર કહેવાથીજ એકત્વનું લાભ લઇ શકત. 'એકં ' પદ વ્યર્થ થઈ જાત, તેમ છતાં પણ જે ' એકં ' પદ કહ્યું તેથી એમ માલુમ પડે છે કે અન્યાશ્રય નહિ કરવાથીજ શરણાગતિ સાંઙ્ગ થાય છે. ' મામ્ પદનો 'એ અર્થ છે કે દેશકાલની અપેક્ષાથી રહિત. અર્થાત્ ધર્માદિકને દેશકાલની અપેક્ષા રહે છે. અને મને (પુરુષોત્તમને) તેની અપેક્ષા રહેતી નથી માટે 'તુ મહારે શરણે જા.' ધર્મનો પરિત્યાગ કરતાં છતાં પણ ધર્મીનો આશ્રય લેવાથી ધર્મનો બાધ પણ ન થયો તે ' માં ' પદનું સ્વારસ્ય છે.

૧૦] તે આ અનુપદોક્ત અર્થ 'અપાતતઃ' જણાતો છે. કિન્તુ વાસ્તવમાં તો શ્રીમદાચાર્યોનું તાત્પર્ય અન્યત્ર છે. 'સર્વધર્માન્ પરિત્યજ્ય' આ શ્લોક પુષ્ટિ-માર્ગીય સર્વાત્મભાવયુક્ત અધિકારિયોને માટે છે. અર્થાત્-પ્રિયવિરહા. વસ્થામાં વિશ્વને પ્રભુમય જોવાથી નિજમનોરથાનુકૂલ તે તે શૃંગારભાવોના આસ્વાદન કરતા શ્રીવ્રજવધૂઓના જેવા જ અધિકારનો આ શ્લોક વર્ણન કરે છે સર્વાત્મભાવ થતાં પદાર્થમાત્રને પ્રભુરૂપતા હોવાથી અને તેઓમાં પ્રગાઢભાવ હોવાથી સર્વધર્મોનો ત્યાગ કરતાં છતાં પણ ધર્મબાધ થતો નથી. સર્વાત્મભાવ બે પ્રકારનો હોય છે. એક મર્યાદામાર્ગીય અને બીજો પુષ્ટી-માર્ગીય. સર્વાત્મભાવ પ્રભુ વિરહભાવના ઉત્પન્ન થવાથી થાય છે. અને તે વિરહભાવ લૌકિક વૈદિક ધર્મોના ત્યાગ કરવાથી થાય છે. સંન્યાસ-નિર્ણય પ્રકરણમાં શ્રીમદ્વલ્લભાચાર્યચરણશ્રીએ કહ્યું છે કે પ્રભુના વિરહનો અનુભવ થવા માટે સર્વ ત્યાગ કરવો જોઈયે. કેવળ સંન્યાસ ગ્રહણ કરવાથી કલિયુગમાં પશ્ચાત્તાપ માત્ર થાય છે. અને "હે પ્રભો અમે સર્વ પદાર્થોનો પરિત્યાગ કરીને તારે શરણે આવ્યા છીયે' 'હે પ્રિય આ પૃથ્વી ઉપર આવી કોણ સ્ત્રી છે કે જે તમારા મધુર મૂર્છનાયુક્ત વેણુ-નાદને સાંભળી આર્યચરિતથી ચલાયમાન ન થાય' 'અમે તારા દાસ છીયે અમારા મસ્તક ઉપર હસ્તને મૂક.' અત્રે પ્રથમ વાક્યમાં વૈદિકધર્મોનો ત્યાગ, બીજામાં લૌકિકધર્મોનો ત્યાગ અને ત્રીજામાં ધર્મત્યાગ કરવાનું કારણ કહ્યું છે. અર્થાત્—એવા પ્રકારના દાસ્યભાવમાં લોકવેદસિદ્ધધર્મોનું પરિપાલન થઈ શકતું નથી. તેમજ 'અમે પતિસુત વંશ ભ્રાતા સુહૃદ્વર્ગ આદિનો પરિત્યાગ કરીને આવ્યા છીયે' 'મહારા માટે તે ગોપીજનોએ લોક વેદ અને સ્વીયપદાર્થોનો પરિત્યાગ કીધો હતો' ઇત્યાદિ વચનોથી પણ માલુમ પડે છે કે શ્રીગોપીજનોએ ભગવત્કૈંકર્ય હોવાથી સર્વધર્મોનો ત્યાગ કર્યો. માટે ભગવદ્દાસ્યમાં દાસ્યના શિવાય બીજા ધર્મોનું પાલન થઇ શકે તેમ નથી. વચનની ભાવપ્રધાનતા અહિંયા પણ જાણવી તેથી એમ સિદ્ધ થયું કે 'સર્વધર્મોનું ત્યાગ કરીને ધર્મી મહારે શરણે જા.'

૧૧] હરિનિવેદિત કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગ ત્રણે મોક્ષપર્યન્તનાં સાધન છે. માટે ધર્મીને પ્રાપ્ત કરનારા નથી કિન્તુ કેવલ મોક્ષરૂપ ભગવદ્ધર્મસુધી પ્રાપ્તિ કરાવનાર છે. અક્ષરપ્રાપ્તિરૂપ મોક્ષ તે હરિનો ધર્મ છે. શ્રીહરિ સ્વયં ધર્મી છે. કર્મ, જ્ઞાન, અને ભક્તિ ત્રણે વિધિના અધીન છે. વિધિ અથવા તો વેદાદિની આજ્ઞા પણ શ્રીહરિનો ધર્મ છે. માટેજ ત્રણે માર્ગો વિધીના પરવશ હોવાથી ધર્મપર્યવસાન છે. કિન્તુ ધર્મી શ્રીહરિ સુધી પહોંચનાર નથી. અને સર્વાત્મભાવ તો પ્રભુપ્રાપ્તિ કરાવનાર છે, માટે ધર્મિપર્યવસાન છે. તેટલાજ માટે પ્રભુએ અર્જુનને કહ્યું છે કે 'સર્વધર્મોનો પરિત્યાગ કરીને મહારે (ધર્મીને) શરણે જા'.

૧૨] અને પૂર્વમાં સામાન્ય અર્થમાં જે કહી આવ્યા તે અકિંચનાધિકાર, સર્વાત્મભાવયુક્ત શ્રીગોપીજનોમાં યુકત થાય છે. 'શ્રીહરિના માટે સર્વ કામનાઓનો ત્યાગ કર્યો' 'શ્રીહરિને વિષે મનવાલાં તથા નિરંતર પ્રભુના ગુણોનું ગાન કરનારાં' ઇત્યાદિ સમાધિભાષાના વચનોથી જણાય છે કેશ્રીવ્રજસીમન્તિનીજનો અકિંચન હતાં, પ્રભુના માટે સર્વ લૌકિકવૈદિકસાધનોને છોડીને કેવલ પ્રિયસંગમૈકકામ હતાં. તેથી દૈન્ય ભાવનાયુકત હતાં. અકિંચન હોવાથીજ એમને પ્રભુનો ક્ષણવિરહ પણ અસહ્ય હતો. જો કદાચિત્ તે અકિંચન નહીં હતાં અથવાં નિસ્સાધન નહીં હતાં તો 'પ્રભુ પ્રતિદિન મલે છે, એક દિવસ સંગમ ન થયો તેથી શું થયું, 'પ્રાતઃ પુનઃ આવશે' એમ સમઝીને પ્રભુના મલવા માટે અતિશય પ્રયાસ નહીં કરતા. તેથી એમ જણાય છે કે ભગવદ્દીયોના ધર્મ, વિવેકધૈર્ય આદિનો પણ તેઓએ ત્યાગ કર્યો હતો. સર્વાત્મભાવવાલા ભકતોને ધર્મોનોત્યાગ સહજ થાય છે માટે જ 'સર્વધર્માન્' ઇત્યાદિ શ્લોકમાં પ્રભુએ સર્વધર્મત્યાગનો અકિંચનરૂપ અધિકાર રાખ્યો છે. અર્થાત્ શરણાગતિમાં અકિંચન અધિકારી છે, અને શ્રીમદાચાર્યશ્રીએ પણ 'અકિંચનાધિકિયોકતા વાકયથી તેજ અર્થનું સ્ફુરણ કીધું છે. તેથી

એમ પણ જણાય છે કે પ્રભુમાં ભાવ થવાનાં પહેલાંજ અકિંચનાધિકાર થવા માટે સર્વધર્મત્યાગ અપેક્ષિત છે. કારણ કે અધિકારની પૂર્વમાં અપેક્ષા હોય છે.

૧૩] અત્રે એમ પ્રશ્ન થાય છે કે 'અકિંચન થવામાં કિંવા સર્વધર્મત્યાગપૂર્વકશરણાગતિમાં પણ પ્રભુના પ્રગટ નહીં થવાથી દુઃખ તો રહ્યુંજ'. તેના ઉત્તરમાં કહિયે છીયે કે તો પછી શરણાગતિમાં ધર્મત્યાગને દૈન્યરૂપ અઙ્ગ સમજવું. કાર્પણ્ય એટલે દીનતા અને અઙ્ગ એટલે ઉપકારક. અર્થાત્–સર્વધર્મત્યાગરૂપ દીનતા રાખવાથી ફલમાં ઉપકાર થશે. ફલપ્રકરણમાં કહ્યું છે કે જ્યારે અન્વેષણ, અનુકરણાદિ સર્વસાધનોથી પણ પ્રભુ પ્રગટ ન થયા ત્યારે તે સર્વધર્મોનો પરિત્યાગ કરીને પ્રભુદર્શનની અત્યુત્કણ્ઠાથી શ્રીવ્રજભકતોએ વિલાપ કર્યો. આવું દૈન્ય અહિયાં પણ લેવું . અઙ્ગરૂપ સર્વધર્મત્યાગ કરવાથી દૈન્ય થશે. અને દીનતાના થવાથીજ ફલરૂપ પ્રભુનો પ્રાદુર્ભાવ થશે. અને તેના પ્રાદુર્ભાવ થવાથી સર્વ કલેશોનો નાશ થશે. વાસ્તવમાં તો પણ કલેશ હોય તો પણ કંઈ હાનિ નથી. કારણ કે તે ભગવદ્વિરહરૂપ કલેશ તો મુકત લોકોને પણ વાંચ્છિત છે માટે પુરુષાર્થરૂપ છે તેથી કોઇ જાતની ન્યૂનતા નથી. આ વાત 'મદિતર' ઇત્યાદિ પક્ષાન્તરથી કહે છે. અર્થાત્– હું જેમ પ્રભુનું ભજન કરું છું તેમ પ્રભુ પણ ફલદાનદ્વારા મ્હારું ભજન કરે ઇત્યાદિ અપેક્ષા ન રાખવી તેથીજ પ્રભુએ પણ કહ્યું છે કે 'હે પ્રિયાઓ' મ્હારા ભકતોનું પ્રત્યક્ષ ભજન સદા નથી કરતો કારણ કે કૃતાર્થ હોવાથી તેમની વૃત્તિ ચ્યુત થઇ જાય.'

અથવા 'સર્વધર્માન્' આ પદને સ્વામીના સાથે લગાડવું. અર્થાત્ 'તું મ્હારા (શ્રીકૃષ્ણના) પણ ધર્મોને ત્યાગ કરીને મ્હારે શરણે આવ' આવો અર્થ કરવો. જેઓને સર્વાત્મભાવ થાય તેવા સર્વોત્કૃષ્ટ ભકતોને આનન્દ આપવા સારૂજ ભગવાન્ પોતે પોતાના આત્મારામ આપ્તકામ આદિ ધર્મોને છોડીને તેમનું અનુસરણ કરે છે. તો હવે આ અર્થ થયોકે

'હું પણ એવા ભક્તોને મૂકીને અન્યનું ભજન કે અપેક્ષા કરતો નથી' અર્થાત્ તેમના સાથે અનેક જાતની ક્રીડા કરે છે. પ્રભુ પણ જેમની ઇચ્છાના અનુસાર ક્રીડા કરવા લાગે એવા ભક્ત થવું અને તેવો પ્રભુમાં ભાવ થવો સાધનોને શક્ય નથી. કિન્તુ કેવલ પ્રભુના અનુગ્રહથીજ આ ઉત્કૃષ્ટ દશા પ્રાપ્ત થાય છે. તો પણ જે કોઈ એમ ધારે કે હું સાધનોથી આવી અવસ્થાને પ્રાપ્ત કરીશ તેવાઓની શંકાને પણ દૂર કરવા સારૂ કહે છે કે 'આ વાત દુઃખથી પણ પ્રાપ્ત કરી શકાય નહીં માટે તેવી ઇચ્છા કરવી નહીં' અને તે વિષયમાં ઉદ્યોગ પણ કરવો નહીં ? કેવલ મ્હારો આશ્રય લેવો. આ પક્ષમાં 'હે અર્જુન ! સાધનાશક્યવિષયમાં ઇચ્છોદ્યમાદિ ધર્મોને છોડીને તું મહારો આશ્રય લે' આ અર્થ સમજવો. અહિયાં એમ શંકા થાય છે કે યદ્યપિ અવતારદશામાં જેને સ્વરૂપસંબંધ હતો તેને સાધનોથી નહીં કિન્તુ સ્વરૂપબલથી તે ભાવ પ્રાપ્ત હતો. પણ હમણાં જેને તેવો સંબંધ નથી તો તેને સાધનોદ્વારા તે ભાવની પ્રાપ્તિ થઈ શકે કે નહીં. તો તેના ઉત્તરમાં 'ક્વચિત' એ પદ સમજવું. અર્થાત્ તેવા ભક્તોને પણ જ્યારે સ્વરૂપબલથી પણ તેવો ભાન ક્વચિત્જ મલ્યો છે સર્વદા નહીં. તો પછી સાધનોના બલથી તો ક્યાંથી મલે. સર્વાત્મભાવવાલા ભક્તને પણ અન્યના સાથે સમ્બન્ધ રાખવો યુક્ત નથી. આ વાત 'અન્યસંમેલનં વા' આ પક્ષાંતરથી કહી છે. શ્રીહનુમાનને રાક્ષસોએ બ્રહ્માસ્ત્રથી બાંધ્યો કિન્તુ અવિશ્વાસના અજ્ઞાનથી તદુપરાંત દોરડા વિગેરેઓથી પણ બાંધવા લાગ્યા ત્યારે બ્રહ્માસ્ત્રે હનુમાન્ને છોડી દીધો. તેમ અહિયાં પણ સમજવું. અર્થાત્ તેવો ભક્ત યદિ પ્રભુથી ઇતરના સાથે પણ સંબંધ રાખે તો ભગવદ્ભાવ તેનો સંબંધ છોડી દે છે, આવી રીતે સર્વાત્મભાવના રહેતાં બીજાનો મેલ થઈ શકતો નથી. તેથી સર્વધર્મો (અન્યાશ્રય) ત્યાગ કરીને એક મહારે શરણે આવ.' આ અર્થમાં પણ 'સર્વધર્માન્' આ પદ સ્વામીનું વિશેષણ કરવું. તેથીજ 'ભર્તુઃ શુશ્રુષણં સ્ત્રીણાં' ઇત્યાદિ ભગવદાજ્ઞાસિદ્ધધર્મોનો પણ. 'સર્વધર્માન્પરિત્યજ્ય'આ કહેવાથી બાધ ન થયો. કારણ કે પતિની સેવા કરવી આ મર્યાદાનો ધર્મ છે. અને

અનુગ્રહ થયા બાદ સર્વાત્મભાવવાળા ભક્તોને તો સર્વધર્મોનો પરિત્યાગ કરવો એજ ધર્મ છે. તે ધર્મમર્યાદારૂપ છે અને આ ધર્મ પુષ્ટિ (અનુગ્રહ) રૂપ છે માટે અધિકારતા ભિન્ન હોવાથી અનુગ્રહમાર્ગમાં મર્યાદાધર્મનો ત્યાગ કરવાથી બાધ નથી.

૧૫] અહિં એક પ્રશ્ન થાય છે કે ભલે વ્રજભક્તોમાં સર્વાત્મભાવ હશે પણ અર્જુનમાં તે ભાવ દેખાતો નથી. તો પછી 'સર્વધર્માન' શ્લોકરૂપ ઉપદેશનો પૂર્વોક્ત અર્થ છે એમ નિશ્ચય કેમ કરી શકાય. તેનો ઉત્તર એટલોજ કે પ્રભુ જીવોના અધિકારાનુસાર શાસ્ત્રના તત્વનો ઉપદેશ કરે છે. તેમાં પોતપોતાના અધિકારને અનુકૂલ અર્થ લેવો જોઈયે. કનિષ્ઠ અધિકારીને કનિષ્ઠ, અને ઉત્તમાધિકારીને ગૂઢ અર્થ સ્ફુરે છે. સર્વાત્મભાવપક્ષમાં પ્રભુના શિવાય લૌકિકાલૌકિક ધર્મ આદિ બધા, ભાવના પ્રતિબંધક છે તેથીજ તે અનિષ્ટ અને પાપરૂપ છે, તેથી ઉત્તરાર્દ્ધનો અર્થ એમ કરવો કે, 'પ્રભુભાવના જેટલા પ્રતિબંધક છે, પછી તે લૌકિક હોય કે અલૌકિક તે બધાથી હું તને છોડાવીશ તું સોચ માં કર.' તેથી એમ પણ જણાય છે કે તેવા ભાવનો દાન અતે પ્રતિબંધકોનું દૂર કરવું એ બન્ને પ્રભુનાજ હાથમાં છે. સાધનોથી શક્ય નથી. અથવા અર્જુનને પણ તે ભાવ પ્રાપ્ત થવાનો છે તેથી તેનો ઉપદેશ સાર્થક છે વ્યર્થ નથી, જો પ્રભુ અર્જુનને તે ભાવનું દાન ન આપે તો પછી 'મન્મના' ઇત્યાદિ શ્લોકમાં 'માં એવ એષ્યસિ' (તું મનેજ પ્રાપ્ત થશે) એમ નિશ્ચયવાચક 'એવ' શું કરવા કહે. કારણ કે 'માં એષ્યસિ' (મને પ્રાપ્ત થશે) એટલાથીજ સાયુજ્ય (ઐકય) તો જાણવામાં આવી શકત તેથી માલુમ પડે છે કે અર્જુનને પણ સર્વાત્મભાવની પ્રાપ્તિ થવાની છે. 'માં એવ' એવો અર્થ જાણવો કે તું, સર્વાત્મભાવનો વિષય જે 'હું તે મને પ્રાપ્ત થશે.' અર્થાત્ પહેલાં તને સર્વાત્મભાવ પ્રાપ્ત થશે. અને તે પછી હું પ્રાપ્ત થઈશ. તેથીજ 'વ્રજ' એ મધ્યમપુરૂષની ક્રિયા અને 'ત્વાં' આ યુષ્મત્ શબ્દવાચી કર્તાનો પ્રયોગ અનુરૂપ થાય છે. હવે એટલી આશંકા બાકી રહી કે જ્યારે અર્જુનને સર્વાત્મભાવ થવાનો છે તો પછી શ્લોકના

ઉત્તરાર્દ્ધના અર્થ શું કરવો ? તેનો ઉત્તર આ જાણવાનો કે યદ્યપિ પ્રભુના ઉપદેશથી અર્જુનને તે ભાવરૂપ પદાર્થનું જ્ઞાન તો થયું. પણ તથાપિ મોક્ષથી અધિક અને અલૌકિક તે ભાવ મને ન મલ્યો, અને તેની પ્રાપ્તિમાં પ્રતિબંધકો ઘણાં છે કિંવા પ્રભુના શિવાય બધા તેના પ્રતિબંધકજ છે, એમ ભાન થવાથી અર્જુનને ઘણો શોક અને અનેક સંકલ્પવિકલ્પ હતા. તેને દૂર કરવા માટે પ્રભુએ 'અહંત્વા' ઈત્યાદિ આજ્ઞા કરી.

૧૬] 'અર્જુન આવા ભાવવાળો હતો' એવી પ્રસિદ્ધિ જે લોકમાં ન થઈ તે તો અર્જુનની ઇચ્છાથીજ. કારણ કે પ્રભુએ 'ઈદં તે નાતપસ્કાય' ઈત્યાદિ શ્લોકો થકી તે ભાવને અન્યત્ર પ્રકટ કરવાનો નિષેધ કર્યો હતો. તેથી અર્જુને પણ પોતાના હૃદયમાં ગૂઢ રાખ્યો. બીજાઓને કહ્યો નહીં. તેથીજ વધારે સંકલ્પવિકલ્પ ન કરીને અર્જુને પણ સમાપ્તિમાં 'હું આપનો છું' એમ જાહેર કરવા એમજ કહ્યું કે 'હે પ્રભો હું આપની આજ્ઞા પ્રમાણે કરીશ.' કિન્તુ એમ ન કહ્યું કે 'શત્રુઓને મારીશ' કિંવા 'રાજ્યનો ઉપભોગ કરીશ' તેમ છતાં અર્જુને જે શત્રુઓને માર્યા અથવા તો રાજ્યનો ઉપભોગ કર્યો તે તો માત્ર પ્રભુની આજ્ઞાનું પરિપાલન હતું. તે અમે પૂર્વમાં કહી આવ્યા છીયે. અર્જુનને તે ભાવ મલ્યો તેમાં એકબીજું પણ કારણ છે તે આ કે જ્યારે એવો ભાવ મલે છે ત્યારે તે ભાવવાળા, પુરૂષનો આશય અતિ ઉદાર થઈ જાય છે. પ્રભુના શિવાય અન્યત્ર તેને તુચ્છભાવના થાય છે, તેને કોઇથી પણ ભય રહેતો નથી. અને અર્જુનમાં તે બધું દેખાય છે. કારણ કે તેણે નિઃસંદેહ અને નિર્ભય થઇને કહ્યું કે 'હે પ્રભો હું આપની આજ્ઞાને કરીશ' તેથી નિશ્ચય થાય છે કે અર્જુનને પણ તે ભાવની પ્રાપ્તિ થઈ હતી. જો અર્જુનને તે ભાવની પ્રાપ્તિ ન થઈ હોત તો ભગવદ્વાક્યરૂપ વેદાદિના વિચારથી જ્યારે પોતે દ્રોણાદિહનનનો નિષેધ કર્યો, અને પ્રભુએ તેના વિરુદ્ધ દ્રોણાદિહનનની આજ્ઞા કરી તે સાંભળી અર્જુનને મનમાં સંદેહ

થવો જોઇયે. 'ગુરૂની તો શું પણ પ્રાણીમાત્રની હિંસા ન કરવી જોઇયે' ઇત્યાદિ વેદશાસ્ત્રના વચન, અને તેથી વિરુદ્ધ તે સમયના પ્રભુનાં વચન, તે બન્ને પ્રભુના વચન હોવાથી સમાન છે, 'માટે હવે મ્હારે કેમ કરવુ' એમ અર્જુનને સંદેહ થવો જોઇયે પ્રવૃત્તિ નહીં. પણ અર્જુનનિ તો ભગવદાજ્ઞા કરવામાં નિઃસંદેહ પ્રવૃત્તિજ થઈ. તેથી જણાય છે કે અર્જુનને ભગવદ્ભાવની પ્રાપ્તિ થઈ હતી. અને માટેજ પ્રભુના (ધર્મીના) હૃદયમાં આવવાથી ધર્મમાર્ગ દુર્બલ દેખાવા લાગ્યો. અને અર્જુનને સ્પષ્ટ કહ્યું કે 'હે પ્રભો હવે મ્હારો સંદેહ દૂર થયો છે' શ્રીમદ્ભાગવતમાં પણ તેમજ કહ્યું છે કે 'નારાયણતત્પર પુરૂષને કોઇથી પણ ભય રહેતો નથી.' રાજ્યાદિના માટે ગુરુહનનાદિ કાર્ય મોહનુંજ કાર્ય છે તો પણ અર્જુને જે 'પ્રભો હવે મહારો મોહ નષ્ટ થયો-' એમ કહ્યું તેથી જણાય છે કે તેને તે ભાવ પ્રાપ્ત થવાથી નિર્ભીકતા પ્રાપ્ત થઈ. અને તે નિર્ભય નિઃસંદેહ થયો હતો.

૧૭] અથવા તો સર્વાત્મભાવયુક્ત ભક્તોનાં ચરિત્ર તથા તેમની કથાનું શ્રવણ કરતાં કરતાં જણાવવા લાગે છે કે સર્વાત્મભાવ, મોક્ષથી પણ શ્રેષ્ઠ, અને અધિક પુરુવાર્થ છે. જ્યારે ભગવદ્ભક્તિ ઇત્યાદિ સાધનોથી પણ તેની પ્રાપ્તિ નથી થતી, ત્યારે તેને મેલવવાની અતિ ઉત્કણ્ઠા અને તેના અભાવના લીધે દુઃખ થાય છે. તે વખતે જીવને ભાન થાય છે કે આ ભાવ અન્ય સાધનોથી નહીં કિન્તુ કેવલ પ્રભુના અનુગ્રહથીજ મલી શકે છે. અને તેવો અનુગ્રહ થવો મ્હારા હાથની વાત નથી. જેનાથી તેવો ભાવ પ્રાપ્ત થાય તેવો અનુગ્રહ, અને તે ભાવ, એ બન્ને શ્રીપ્રભુનાજ હસ્તમાં છે તેથી હવે મ્હારા પ્રભુજ શરણ છે એમ વિચારીને પ્રભુની શરણાગતિ કરવામાં આવે છે. આવી રીતે પ્રભુને શરણે જવાથી તે ભાવની પ્રાપ્તિ થાય છે. આવા પ્રકારની શરણાગતિ, અને તે સર્વાત્મભાવની પ્રાપ્તિ, એ બન્ને ફલરૂપ છે માટે સાધનોથી મલી શકે નહીં અતએવ પ્રભુ કરુણાથી તે બંને વરદાનની પેઠે અર્જુનને આપતાં આજ્ઞા કરે છે કે 'સર્વધર્માન્'

ઈત્યાદિ, અર્થાત્– ' હે પાર્થ લૌકિક (રાજ્યભોગાદિ) વૈદિક (યજ્ઞાદિ). ધર્મો તથા શ્રવણાદિ ભકિત તે સર્વ મહારા અનુગ્રહ વિના મહારી પ્રાપ્તિમાં સાધન થઈ શકતાં નથી. અને તેથી તેમનો પરિત્યાગ કરીને તું મહારે શરણે આવ.' એમ એક વાકયથી અર્જુનને શરણાગતિનું દાન કરે છે. અને તન્ત્રરીત્યા બીજા વાકયથી 'એક માં' અર્થાત્ 'કેવલ ભાવથી પ્રાપ્ય મને પ્રાપ્ત થા.' એમ કહીને તેવા ભાવનું પણ દાન કરે છે તેવા ભાવથકીજ તારા શોકની નિવૃત્તિ થશે. તેથી આજ્ઞા કરે છે કે 'શોક મા કર' કારણ કે એક માત્ર ભાવ પ્રાપ્ત રસથીજ સર્વ શોકોનો નાશ થાય છે. તેથીજ શ્રીમદ્ભાગવતના ફલપ્રકરણમાં ભગવદ્રસને ' શોકનાશનં ' એવો વિશેષણ દીધું છે. એમ પૂર્વમાં જે કહી આવ્યા તે સર્વ યુકત છે.

શ્રીગોપીજની ચરણરજથી ધનવાન એવા (મે)
શ્રીવિઠ્ઠલેશદીક્ષિતે પિતા શ્રીશ્રીમદ્વલ્લભાચાર્યના
ચરણાનુગ્રહથી જે ભાવનો પૂર્વોકતરીતે પ્રકાશ કર્યો
છે તે ભાવ મહારા હૃદયમાં સ્થિર રહો ॥ ૧ ॥

હરિઃ શમ